Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 81 Dt.17-01-2023 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## ગુજરાતમાં સ્ટીલના વેપારીઓ પર આવકવેરાના વ્યાપક દરોડા

### ૧૦૦ થી વધુ અધિકારીઓ જોડાયા, અમદાવાદ અને કચ્છના ટોચના સ્ટીલ ગ્રુપ પર તવાઈઃ હજુ સર્ચ કાર્યવાહી ચાલુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

કેન્દ્રના સામાન્ય અંદાજપત્રને આડે માંડ પખવાડીયુ પણ બાકી નથી તેવા સમયે ઈન્કમટેક્ષ દ્વારા ગુજરાતમાં દરોડા ઓપરેશન હાથ ધરીને અમદાવાદ તથા કચ્છમાં સ્ટીલના વ્યવસાયી એચ.એ.કયુ. સ્ટીલ પર તવાઇ ઉતારતા ખળભળાટ સર્જાયો છે. દોઢ ડઝનથી વધુ સ્થળોએ દરોડા અને તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ ઈન્કમટેક્ષ ઈન્વેસ્ટીગેશન વીંગના સુર્યકાંત પવારના વડપણ હેઠળ આજે સવારથી આવકવેરા અધિકારીઓનો કાફલો અમદાવાદ તથા કચ્છમાં ત્રાટકયો હતો અને મોટા પાયે દરોડા ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે કે અમદાવાદમાં એચ.એ.કયુ. સ્ટીલની ઓફિસ તથા સંચાલકોના નિવાસસ્થાન સહિતના ડઝનથી વધુ સ્થળોએ અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો અને દરોડા કાર્યવાહી હાથ ધરી હતી. આ સિવાય કચ્છના ગાંધીધામમાં કંપનીની ઓફિસ તથા અન્ય સંલગ્ન સ્થળોએ પણ સામુહિક દરોડા પાડવામાં આવ્યા હતા.

સૂત્રોના કહેવા પ્રમાણે ઈન્કમટેક્ષના ૧૦૦થી વધુ અધિકારીઓનો કાફલો દરોડા ઓપરેશનમાં જોડાયો છે. રાજકોટથી પણ અધિકારીઓની બે ટીમોને તપાસમાં સામેલ કરવામાં આવી છે. કરોડો રૂપિયાની કરચોરી પકડાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. વ્હેલી સવારમાં કડકડતી ઠંડીમાં ઈન્કમટેકસે દરોડા ઓપરેશન હાથ ધરતા વેપાર ઉદ્યોગકારોમાં સોંપો પડી ગયો હતો. નવા કેલેન્ડર વર્ષનું ગુજરાતમાં આ પ્રથમ દરોડા ઓપરેશન છે અને તેને પગલે વેપારીઓમાં ખળભળાટ સર્જાયો હતો. એમ કહેવાય છે કે સામાન્ય રીતે બજેટ રજૂ થવાનું હોય તેની આસપાસના દિવસોમાં ઈન્કમટેક્ષ દ્વારા કોઇ મોટી કાર્યવાહી કરવામાં આવતી નથી અને એટલે વેપાર ઉદ્યોગકારો પણ હૈયે ધરપત રાખતા હોય છે. આ વખતે ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા કેન્દ્રના સામાન્ય બજેટની જાહેરાતના પખવાડીયા પૂર્વે જ ગુજરાતમાં દરોડા ઓપરેશન કરતા વેપારી ઉદ્યોગકારો પણ સ્તબ્ધ બની ગયા છે. ગુજરાત ઈન્કમટેક્ષે કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં પણ ઉદ્યોગકારોને આ રીતે જ ઉંઘતા ઝડપયા હતા અને




વિધાનસભાની ચૂંટણીગાળાના સમય દરમ્યાન જ ત્રણ જેટલા દરોડા ઓપરેશન હાથ ધર્યા હતા. આજની દરોડા કાર્યવાહી અમદાવાદ ઈન્કમટેક્ષ ઈન્વેસ્ટીગેશન વીંગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં આકરું ઠંડીનું મોજું યથાવત, રાજકોટ, નલિયા, ભુજમાં ઠંડીનો કર્ફ્યૂ



### રાજયનું સૌથી ઠંડુ શહેર બન્યું નલિયા, ૨.૪ ડિગ્રીઃ રાજકોટમાં ૯.૪ ડિગ્રી, જામનગરમાં ૯ ડિગ્રી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૭

રાજકોટ સહિત રાજયમાં કોલ્ડવેવની અસર હેઠળ આજે પણ તિવ્ર ઠંડીનું આક્રમણ યથાવત રહેવા પામ્યું હતું અને આજે પણ નલિયા, ભૂજ, રાજકોટ, ડિસા, ગાંધીનગર સહિતનાં સ્થળોએ સિંગલ ડિઝીટ તાપમાન નોંધાયું છે. આજે પણ રાજયનું સૌથી ઠંડુ શહેર ૨.૪ ડિગ્રી સાથે નલિયા જ રહ્યું હતું. જયારે ભૂજમાં ૮.૭ ડિગ્રી તથા કંડલામાં ૧૦.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરમાં ગઈકાલની સરખામણીમાં આજે બે ડિગ્રી તાપમાન ઉંચકાયું હતું. રાજકોટમાં આજે સવારે ૯.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આજે સવારે અમદાવાદમાં પણ ૯.૭ ડિગ્રી સાથે તિવ્ર ઠંડીનો અહેસાસ થયો હતો. વડોદરામાં ૧૧.૨ અને ભાવનગરમાં ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. ભાવનગર શહેરમાં લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે દમણમાં ૧૩.૬, ડિસામાં ૭.૮, દિવમાં ૧૦.૮ અને દ્વારકામાં ૧૨.૮ ડિગ્રી લઘુતમ તપમાન નોંધાવા પામ્યું હતું.

ગાંધીનરમાં આજે ૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડુ રહ્યું હતું. જૂનાગઢમાં ૧૦.૩, ઓખામાં ૧૮.૯, પાટણમાં ૮.૧, તથા પોરબંદરમાં ૮.૬ ડિગ્રીલઘુતમ તાપમાન નોંધાયું હતું. જયારે આજે સવારે સુરતમાં ૧૨ ડિગ્રી અને વેરાવળ કાતે ૧૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જુનાગઢના ગિરનાર પર ૨.૨ ડિગ્રી કાતિલ ઠંડી રહી હતી. જૂનાગઢમાં સવારે લઘુતમ તાપમાન ૭.૨ ડિગ્રી રહેતા સમગ્ર વિસ્તારમાં તિવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. સવારના વાતાવરણમાં ભેજ ૭૫ ટકા અને પવનની ગતિ ૫.૪ કિ.મી.ની રહી હતી.

## શહેરોમાં લોકો હેલ્મેટ પહેરતા નથી, સરકાર શું કરે છે? હાઈકોર્ટ

### ગુજરાતમાં હેલ્મેટના મામલે કડક અમલ કરવામાં આવતો ન હોવાથી રાજ્ય સરકારને હાઈકોર્ટની ફટકાર

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૭

હેલ્મેટના કાયદા શહેરોમાં હળવા કરી નાખવામાં આવતા આજે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવી છે અને એવી તીખી ટકોર કરી છે કે, માત્ર રાજકીય લાભ લેવા માટે એક પ્રેસનોટ આપીને શહેરી વિસ્તારોમાં હેલ્મેટનો કાયદો રાજ્ય સરકારે મોકૂફ રાખી દીધો છે. આ અંગે અદાલતે ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને હેલ્મેટના કાયદાનો કડક અમલ કરાવવા સરકારને તાકીદ કરી હતી.



**શહેરી વિસ્તારમાં માત્ર રાજકીય લાભ લેવા માટે હેલ્મેટમાંથી મુક્તિ અપાઈ હોવાની અદાલતની આકરી ટકોર**

હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ અરવિંદ કુમારના નેતૃત્વ હેઠળની ખંડપીઠે હેલ્મેટના મુદ્દે જાતે સંજ્ઞાન લેવાની ચેતવણી આપી હતી અને સરકારનો ઉધડો લેતા હાઈકોર્ટે ટકોર કરી હતી કે, સરકાર જાહેર હિતની બાબતોમાં બાંધછોડ કરી રહી છે. અમદાવાદ સહિતના શહેરોમાં લોકો હેલ્મેટ પહેરતા દેખાતા નથી. લોકો હેલ્મેટ વિના ટુ-વ્હીલર ચલાવી રહ્યા છે. તો તેની સામે પણ રાજ્ય સરકાર કોઈ કાર્યવાહી કરતી નથી. હેલ્મેટના નિયમનો રાજ્યમાં ફરજીયાત અમલ કરાવવો જોઈએ. સુપ્રીમ કોર્ટનો પણ આદેશ છે કે, સ્કુટરની પાછળ બેસનાર માટે પણ હેલ્મેટ ફરજીયાત છે.

હાઈકોર્ટે ટકોર કરી હતી કે, કેન્દ્રના કાયદામાં કોઈપણ પ્રકારનો સુધારો- વધારો કરવો

(અનુ.પાના નં.૪ ઉપર)

## વિધાનસભા વિપક્ષના નેતા તરીકે અમિત ચાવડા

### નાયબ નેતા તરીકે શૈલેશ પરમારઃ કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા પસંદગી

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા તરીકે અમિત ચાવડાની પસંદગી કરવામાં આવી છે. જયારે ઉપનેતા તરીકે શૈલેશ પરમારનું નામ નક્કી કરવામાં આવ્યું છે. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા આજે આ જાહેરાત કરવામાં આવી હતી.

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ રહી ચુકેલા અમિત ચાવડા આણંદના આંકલાવ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.



જયારે શૈલેશ પરમાર અમદાવાદના દાણીલીંબડાની બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે.(૨.૧૨)

## ચીનમાં પાંચ સપ્તાહમાં જ ૯ લાખના મોત

### દેશની ૬૪ ટકા વસ્તી કોરોનાની ચપેટમાં, આખરે સત્તાવાર આંકડા જાહેર થયા

**(એજન્સી સમાચાર)**

બીજિંગ, તા.૧૭

પ્રથમ પાંચ અઠવાડિયા દરમ્યાન કોરોનાથી ચીનમાં ૯ લાખ લોકોના મોત થયા હોવાનું સત્તાવાર આંકડાઓ દર્શાવે છે. કોરોનાના ભયાનક રોગચાળાએ ચીનની ૬૪ ટકા વસ્તીને સંક્રમિત કરી નાખી છે. તેવું પહેલીવાર સત્તાવાર રીતે ચીને કબુલ કર્યું છે.

ચીનમાં કોરોનાનો પ્રકોપ અન્ય તમામ દેશો કરતા અનેકગણો વધારે છે અને જે ઝડપથી મૃત્યુ થઇ રહ્યા છે અને જે આંકડા બહાર આવી રહ્યા છે એ ચોંકાવી દેનારા છે. ચીનમાં ફરીવાર કોરોનાએ આતંક મચાવવાનું શરૂ કર્યું. તેમાં પહેલા રાઉન્ડમાં જ ૬૦ હજાર લોકોના મોત થયા હતા. જે વિશ્વમાં અત્યાર સુધીનો સૌથી મોટો મૃત્યુ આંક છે. ચીનના નેશનલ હેલ્થ કમિશને ખુલાસો કર્યો હતો કે, ડિસેમ્બરમાં ૦ (ઝીરો) કોરોના નીતિને કારણે અચાનક ઓમિક્રોનનો ચેપ બેકાબુ થઇ ગયો હતો અને ૧૨ જાન્યુઆરી સુધીમાં તો હોસ્પિટલોમાં ૫૯૯૩૮ જેટલા મૃત્યુ થયાનું નોંધાયું હતું.

ચીનના જ સત્તાવાર અહેવાલ મુજબ જાન્યુઆરી સુધીમાં દેશની ૬૪ ટકા વસ્તી ચેપગ્રસ્ત બની છે. એટલે એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે, મૃત્યુ દર ૦.૧ ટકા હોવાથી ૯ લાખ લોકોના મોત થયાનું મનાય છે. હજુ આ આંકડો પણ ઓછો દર્શાવવામાં આવ્યો હોય એવું વિશ્વના નિષ્ણાંતો માને છે.(૨.૧૨)






### રાજ્યના શિક્ષણ વિભાગનો મહત્વપૂર્ણ નિર્ણય

## બોર્ડ અને શાળાઓની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને બદલીઓ પર રોક



**જૂન મહિના બાદ શિક્ષકોની બદલીઓની કામગીરી શરૂ કરાશે**

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં અત્યારે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની બદલીઓ નહીં કરવામાં આવે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળા અને બોર્ડની આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને બદલીઓ પર રોક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જૂન- ૨૦૨૩ પછી બદલીઓની કામગીરી શરૂ થશે તેવું

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુજરાતમાં વ્યાજખોરો પર પોલીસનો સપાટો, ૧૪ દિવસમાં ૪૬૮ની ધરપકડ

### વ્યાપક ઝુંબેશ દરમ્યાન ૫૦૦ એફઆઈઆર, ૬૪૩ સામે ગુનો નોંધાયો

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ,તા.૧૭

ગુજરાત સરકાર દ્વારા આગામી ૧૦૦ દિવસમાં ગેરકાયદે વ્યાજ વસુલતા વ્યાજખોરો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. સરકારે વ્યાજખોરો સામે ચલાવેલા મેગા ડ્રાઈવમાં ૧૪ દિવસના અંતે ૫૦૦ FIR, ૬૪૩ સામે ગુનો અને ૪૬૮ની ધરપકડ કરાઈ છે. લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમને રૂપિયા આપતા વ્યાજખોરો હવે જીવલેણ બની રહ્યાં છે. વ્યાજખોરીના ખપ્પરમાં અનેક લોકો આત્મહત્યા કરી રહ્યાં છે. ત્યારે ગુજરાત સરકાર હવે આ મુદ્દે આક્રમક બની છે. ગુજરાતના અનેક મોટા શહેરોમાં લોકદરબારો યોજીને લોકોની ફરિયાદ લેવામાં આવી રહ્યાં છે. બે સપ્તાહમાં જ ૫૦૦થી વધુ વ્યાજખોરો સામે ફરિયાદ થઈ છે. જ્યારે ૬૪૩ લોકો સામે ગુના દાખલ થયા છે અને ૪૬૮થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જામનગરમાં વ્યાજખોરો વિરૂધ્ધ રેન્જ આઇજીનો લોક દરબાર ગઈકાલે યોજાયો હતો. રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવના અધ્યક્ષસ્થાને જામનગરના દરબારગઢ વિસ્તારમાં વ્યાજખોરો વિરૂધ્ધ ભવ્ય લોક દરબાર યોજાયો હતો. જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલું દ્વારા લોક દરબારનું આયોજન કરાયું હતું. ખૂબ મોટી સંખ્યામાં આગેવાનો અને શહેરીજનો લોકદરબારમાં ઉપસ્થિત રહ્યા. વ્યાજખોરો વિરૂધ્ધ કોઈપણ જાતના ભય વિના લોકો સામે આવે તેવી પોલીસે અપીલ કરી હતી. રાજ્યમાં બેફામ બનેલા વ્યાજખોરોની હવે ખેર નથી. સરકારે આવા તત્વો સામે કાર્યવાહી માટે કમર કસી છે. પોલીસ એક સપ્તાહ માટે વ્યાજખોરો સામે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરી રહી છે. જેના ભાગરૂપે પોલીસ સામે ચાલીને ફરિયાદીઓ પાસે જશે. વ્યાજખોરો સામે ફરિયાદ કરવા સરકારે લોકોને અપીલ પણ કરી છે. રાજ્ય સરકારે વ્યાજખોરો સામે કાર્યવાહી માટે ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશને સરકારે પોતાના પ્રથમ ૧૦૦ દિવસના એજન્ડામાં પણ સામેલ કરી છે.

# રાજકોટમાં સી.બી.એસ.ઇ નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશિપનું આયોજન

**રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસો. અને ગુજરાત સ્વિમિંગ એસો.ના સહયોગથી જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સ દ્વારા કરાયું આયોજન**

**તા.૨૧મી એ સાંજે ૪ કલાકે રાજયના મંત્રી, ધારાસભ્યો, વિવિધ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ યોજાશે**



**૨૦ થી વધુ દેશોમાંથી સી.બી.એસ.ઇ.ની શાળાઓમાં અભ્યાસ કરતા ૭૦૦ થી વધુ તરવૈયાઓ સ્પર્ધામાં ભાગ લેશેઃ ડી.વી.મહેતા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

જીનિયસ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સની જીનિયસ સ્કૂલ અને જય ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસો. અને ગુજરાત સ્વિમિંગ એસો.ના સહયોગથી આગામી તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન રાજકોટના આંગણે પ્રથમવાર સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સી. બી. એસ. ઈ.) સ્વિમિંગ ચેમ્પિયનશિપનું ભવ્ય આયોજન રાજકોટના સરદાર પટેલ સ્વિમિંગ પૂલ ખાતે થવા જઈ રહ્યું છે. જેમાં દેશ-વિદેશની સી.બી.એસ.ઇ ની શાળાઓમાં અભ્યાસ કરતાં ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ભાગ લેવા જઈ રહ્યા છે. જે રાજકોટ શહેર માટે ખુબ ગૌરવની બાબત છે.

આ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપના ચેરમેન અને નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશિપ ઈવેન્ટના પણ ચેરમેન ડી. વી. મહેતાએ યાદીમાં જણાવ્યું છે કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન દ્વારા દર વર્ષે જુદી-જુદી રમતોના કલસ્ટર લેવલથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધીની સ્પર્ધાઓ અને ચેમ્પિયનશિપના આયોજન થતા હોય છે. આ વખતે નેશનલ લેવલની સી.બી.એસ.ઇ સ્વિમિંગ ચેમ્પિયનશિપનું પ્રથમ વખત આયોજન કરવાનું સૌભાગ્ય રાજકોટને પ્રાપ્ત થયું છે. જે માટે રાજકોટની જીનિયસ સ્કૂલ અને જય ઇન્ટરનેશનલ સ્કૂલના યજમાન પદે સમગ્ર આયોજન કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. રાજકોટમાં પ્રથમ વખત આટલા વિશાળ પાયે યોજાનાર સ્વિમિંગ ચેમ્પિયનશિપ દર્શાવે છે કે સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટમાં પણ હવે રમત-ગમતમાં રસ દાખવતા ખેલૈયાઓ માટે ખૂબ સારા આયોજનો થઈ રહ્યા છે. તા.૨૧ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન શ્રી સરદાર પટેલ સ્વિમિંગ પૂલ ખાતે યોજાનાર આ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના અન્ડર ૧૧, અન્ડર ૧૪, અન્ડર ૧૭ અને અન્ડર ૧૯ વયજુથના ૭૦૦ થી વધુ તરવૈયાઓ રાજકોટના આંગણે આવશે અને તેમની પ્રતિભાઓનું પ્રદર્શન કરશે. આ ઈવેન્ટના આયોજનમાં રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસો. અને ગુજરાત સ્વિમિંગ એસો.નો ખુબ સારો સહયોગ સાંપડયો છે.

સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલૈયાઓની રહેવા, જમવા અને ટ્રાન્સપોર્ટેશનની તમામ સુચારૂ વ્યવસ્થા જીનિયસ ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. તરવૈયાઓ માટે રહેવાની વ્યવસ્થા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની સ્પોર્ટસ હોસ્ટેલ્સ તથા રાજકોટની ૨૫ થી વધુ હોટેલ્સમાં કરવામાં આવી છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમનો સ્વિમિંગ પૂલ, લાઈફ ગાર્ડ, ફાયર બ્રિગેડ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને સહયોગ પુરો પાડશે. આ ઉપરાંત સમગ્ર રાજય અને દેશના વિવિધ ભાગોમાંથી ટેકલીકલ પર્સન્સ, કોચ અને પ્લેયર્સના મેનેજર તેમના સ્પર્ધકોને માર્ગદર્શન આપવા માટે ખાસ ઉપસ્થિત રહેશે. દેશ-વિદેશના અલગ અલગ ભાગોમાંથી આવનાર સ્પર્ધકોના પરિવારજનો અને સમર્થકો આ સ્પર્ધાને માણી શકે તે માટે લાઈવ પ્રસારણની વ્યવસ્થા પણ જીનિયસ ગ્રુપ દ્વારા કરવામાં આવી છે.

આ સ્વિમિંગ ચેમ્પિયનશિપનું ઉદઘાટન તા. ૨૧ જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે રાજયની કેબિનેટના સામાજીક ન્યાય અને અધિકારીતા - મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા રાજકોટના તમામ ધારસભ્ય ઓ ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઇ ટીલાળા, ઉદયભાઇ કાનગડ, મેયર ડો. પ્રદિપભાઇ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, પરેશભાઇ પીપળીયા, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, જાણીતા ઉદ્યોગપતિ અને બાન લેબ્સના મૌલેશભાઇ ઉકાણી, સૌ. યુનિ.ના વાઇસ ચાન્સેલર ગીરીશભાઇ ભિમાણી, રાજકોટ ડિસ્ટ્રીકટ સ્વિમિંગ એસો.ના પ્રમુખ ઉમેશભાઇ રાજયગુરૂ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના અધિકારી એ.પી.બારૈયા, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સેક્રેટરી ભટ્ટ વગેરે મહાનુભાવો આ ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભમાં હાજર રહી પ્રતિયોગીઓનો ઉત્સાહ વધારશે.

સમગ્ર ઇવેન્ટના સફળ આયોજન માટે જીનિયસ ગ્રુપના ચેરમેન તથા નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશિપ ઇવેન્ટના ચેરમેન ડી. વી. મહેતા, ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી ડિમ્પલબેન મહેતા, ઇવેન્ટ કો-ઓર્ડીનેટર મનિન્દર કેશપ, જોઇન્ટ સેક્રેટરી દર્શનભાઇ પરીખના માર્ગદર્શનમાં જીનિયસ સ્કૂલ અને જય ઇન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપલ, હેડ, ફેકલ્ટીસ અને સ્ટાફ મિત્રો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ જણાવ્યું છે.

# શ્રી રાધાકૃષ્ણ દેવ હરીકૃષ્ણ મહારાજ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિતે મૂળી ઉત્સવનું આયોજન

**મુળી ઉત્સવ દરમ્યાન દરરોજ સવારે ૮:૩૦ થી ૧૨ અને બપોરે ૩:૩૦ થી ૬ કથાશ્રવણ કરી શકાશે**






**તા.૨૦ જાન્યુઆરીથી મહોત્સવનો શુભારંભ, ૨૬ મી જાન્યુઆરીએ પુર્ણાહુતીઃ મહોત્સવ સ.ગુ.શ્રીબ્રહ્માનંદ નગર, મુળીધામ સુરેન્દ્રનગર ખાતે યોજાશે**



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા શ્રી સ્વામિનારાયણ મંદિર મુળીધામના આયોજકો તસવીરમાં નજરે પડે છે.

**દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ધાર્મિક, સામાજિક સહિતના કાર્યક્રમનું આયોજનઃ મુખ્યમંત્રી અને રાજ્યપાલ સહિત રાજકીય, આગેવાનોની ખાસ ઉપસ્થિતિ રહેશે**

સુરેન્દ્રનગર, તા.૧૭

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડા ધર્મગુરૂ શ્રી નરનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે ભાવિ આચાર્ય લાલજી મહારાજ શ્રી૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને પરમ પૂજ્ય મોટા આચાર્ય મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી ની છત્રછાયામાં બહેનોના ધર્મગુરૂ અખંડ સૌભાગ્યવંતા લક્ષ્મીજી સ્વરૂપ ગાદીવાળા શ્રી પરમ પૂજ્ય મોટા ગાદીવાળાશ્રી તેમજ શ્રી રાજા સમસ્ત ધર્મકુળના રૂડા આશીર્વાદ સાથે મુળીની ધરતી પર દ્વિશતાબ્દી મહામહોત્સવ ઉત્સવ એવા નામાભિધાન સાથે તા. ૨૦ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન સ.ગુ.શ્રી બ્રહ્માનંદ નગર, મુળીધામ સુરેન્દ્રનગર ખાતે ખૂબ દિવ્યતાથી અને ભવ્યતાથી ઊજવાશે.

આ રૂડા અવસરિયે સંપ્રદાયના વિદ્વાન સંતો દ્વારા શ્રીમદ સત્સંગી ભૂષણ સપ્તાહ જ્ઞાનયજ્ઞ, સપ્તદીનાત્મક અખંડ જપયજ્ઞ- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, ત્રિદિનાત્મક ભવ્ય ૨૦૦ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ, ભવ્ય મહાપુજા સમારોહ, આરોગ્ય લક્ષી- સમાજ સેવાલક્ષી-સમાજ જીવન સુધારણાલક્ષી અનેકવિધ સેમિનારો, સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન મહાકેમ્પ, અદ્વિતીય નયન રમણીય લાઈટ એન્ડ સાઉન્ડ લેઝર શો, ભોગવતીમૈયાનું સમૂહ-આરતી જેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રેરણાદાયી અવસરે દરરોજ લાખથી સવા લાખ જેટલા ભાઈઓ-બહેનો મહાપ્રસાદ સ્વીકારી ધન્ય બનશે. આ અવસરિયે સનાતનીય હિન્દુ સંસ્કૃતિના વારસદાર સમા તેમજ સંપ્રદાયભરના તમામ ધર્મસ્થાનોમાંથી સંતો-મહંતો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશે અને અનેકાનેક રાજકીય આગેવાનો-પદાધિકારી-અધિકારીઓ-સમાજ શ્રેષ્ઠિઓ-ઉદ્યોગપતિઓ સહિત ગુજરાત મુખ્યમંત્રી-રાજયપાલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહેશે. સાથે જ વસંતના વધામણા સ્વરૂપ ભવ્ય રંગોત્સવ, દરરોજ અલગ અલગ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ દર્શન, દેવોનો ભવ્ય મહાભિષેક જેવા મહામહોત્સવ આકર્ષણ બની રહેશે. વળી બાળકો-યુવાનોને અનુરૂપ બાળનગરી, હવેલી દર્શનની અદભુત નકશી સાથે દિવ્ય પ્રદર્શન, ટેલી ફિલ્મ અને વ્યસનમુક્તિ પ્રદર્શન વગેરે કાર્યક્રમો પ્રેરણાદાયી બની રહેશે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# જૈન બદાણી પરિવારે ચક્ષુદાન કરી બે વ્યકિતઓને આપ્યું દ્રષ્ટિદાન

**જે.એસ.જી.આઇ ડોનેશન ડ્રાઇવ અને વિવેકાનંદ યુથ કલબની પ્રશંસનીય કામગીરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

રાજકોટના જૈન પરિવારના સ્વ.વસંતલાલ મગનલાલ બદાણી (ઉ.વ. ૮૬)નું અવસાન થતાં તેમના પરિવારની સહમતીથી ફ્રેન્ડ્સ સેવા ગ્રુપના ઉપેન મોદીના સહકારથી વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને વિવેકાનંદ યુથ કલબના મંત્રી અનુપમભાઈ દોશીએ જૈન સોશિયલ ગ્રુપની આઇ ડોનેશન ડ્રાઇવના ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા રાજકોટની સિવિલ હોસ્પિટલની આંખની હોસ્પિટલના ડો.નેહા મિત્તલએ ચક્ષુદાન સ્વીકારેલ હતું.

સદગતના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવોને દષ્ટિદાન આપતા ગયા છે. બન્ને સંસ્થાઓનું આ વર્ષનું આ ૪૯ મુ ચક્ષુદાન છે.

રાજકોટના નગરજનો ચક્ષુદાન કરવા અને કરાવવા પ્રેરણા કરે. 24 x 7 ચક્ષુદાન કરવા અનુપમ દોશી મો.૯૪૨૮૨ ૩૩૭૯૬ અને ઉપેનભાઇ મોદી મો.૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# નારી શકિત સંસ્થા દ્વારા યોજાશે ખીચડી ઉત્સવ



જૂનાગઢ, તા.૧૭

નારી શક્તિ સંસ્થા જૂનાગઢ દ્વારા ખીચડી ઉત્સવ ૨૦૨૩ નું આયોજન કરાયું છે આ ઓપન જૂનાગઢ ખીચડી સ્પર્ધા તા. ૨૫ જાન્યુઆરીને બુધવારના રોજ રેડક્રોસ મુખ્ય હોલ,આઝાદ ચોક, જૂનાગઢ ખાતે સાંજે ૫ વાગ્યે યોજાશે.

ભાગ લેનાર સ્પર્ધકે ખીચડી ઘરેથી બનાવીને લાવવાની રહેશે. ખીચડી સિવાય આજુ બાજૂની કોઈપણ વસ્તુ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. દરેક અનાજ,કઠોળ કે શાક ભાજી વાપરી શકાશે. ખીચડી નિમક વાળી જ બનાવવાની રહેશે. સ્પર્ધામાં નામ નોંધાવવા માટે પારૂલબેન સૂચક - ૯૦૩૩૬ ૮૪૫૭૬, પૂજાબેન વસંત - ૯૦૩૩૯ ૫૯૮૧૨, કિરણબેન સોલંકી - ૯૪૦૮૨ ૧૨૮૫૩, દીપાબેન રાજા - ૭૨૨૮૦ ૮૭૮૩૯, ચાંદનીબેન રાજા - ૯૯૨૫૫ ૫૫૪૬૯ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# પોરબંદર સમસ્ત ખારવા જ્ઞાતિ આયોજીત ચતુર્થ શિવકથાના સાર સાથે શ્રી રામકથા સંપન્ન





**શ્રીરામ કથાનું રસપાન મર્મજ્ઞ કથાકાર પરમ આદરણીય માધુરીબેન ગોસ્વામી દ્વારા કરાવવામાં આવેલ**

પોરબંદર, તા.૧૭

શ્રી પોરબંદર સમસ્ત ખારવા સમાજ દ્વારા ગત તા. ૫ થી ૧૩ જાન્યુઆરી સુધી પાલાના ચોક ખાતે સર્વધર્મ પ્રેમી લોકો માટે શ્રીરામ કથાનું દિવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મર્મજ્ઞ કથાકાર પરમ આદરણીય માધુરીબેન ગોસ્વામી દ્વારા ભાવાત્મક વાણીથી કથાનું રસપાન કરાવવામાં આવેલું. આ પોરબંદર ખારવા સમાજના વાણોટ પવનભાઈ શિયાળ, અધ્યક્ષ રણછોડભાઈ શિયાળ તેમજ પંચપટેલ/ ટ્રસ્ટીઓના યજમાન પદે આ શ્રીરામ કથામાં પોરબંદરના મહાનુભાવો તેમજ દરેક સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં પોરબંદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હિરાલાલભાઈ શિયાળ, ડી.વાય.એસ.પી. નિલમબેન ગોસ્વામી, પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, નગરપાલિકાના પ્રમુખ સરજુભાઈ કારીયા, સાંસદ સભ્ય રમેશભાઈ ધડુકના સુપુત્ર ડો. નૈમીષભાઈ ધડુક, કોંગ્રેસ અગ્રણી રામદેભાઈ મોઢવાડીયા, જીલ્લા પ્રમુખ કોંગ્રેસ સામતભાઈ ઓડેદરા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન લક્ષ્મણભાઈ ઓડેદરા, લાયન્સ કલ્બ ઓફ પોરબંદરના હિરલબા જાડેજા, તેમજ સભ્યઓ સહિતના આગેવાનો તેમજ પોરબંદર જીલ્લાના અનેક ગામોના સરપંચો, અન્ય સમાજના પ્રમુખો, સામાજીક સંસ્થાઓના પ્રમુખો, સાધુસંતો-મહંતો અને બહોળી સંખ્યામા ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા. કથામાં દરરોજ દાતાઓના સહયોગથી ભોજનરૂપી પ્રસાદીનું આયોજન પણ કરવામાં આવેલું હતું અને છેલ્લા દિવસની મહાપ્રસાદી હિરાલાલભાઈ શિયાળ, રણછોડભાઈ શિયાળ તથા શિયાળ પરિવાર તરફથી રાખવામાં આવેલી હતી.

વાણોટ પવનભાઈ શિયાળ, અધ્યક્ષ રણછોડભાઈ શિયાળના સુંદર માર્ગદર્શન હેઠળ અશ્વિનભાઈ જુંગીની સાથે આગેવાનો એ ખુબ જ જહેમત ઉઠાવી આ ભવ્ય અને દિવ્ય શ્રીરામ કથાના આયોજનને શ્રેષ્ઠ બનાવેલ હતું. તેમ જણાવ્યું છે. (૧૩)

# સુરતની દીકરીની મોટી સિદ્ધિઃ અમેરિકાની વિશ્વ વિખ્યાત નાસા યુનિવર્સિટીમાં સ્થાન



**સમગ્ર દેશને ગૌરવ અપાવતી સુરતની યુવતીઃ હેન્ડલુમનું કામ કરતા પિતાની દીકરીની ઉંચી છલાંગ**

સુરત, તા.૧૭

અમેરિકાની વિશ્વ વિખ્યાત નાસા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને વૈજ્ઞાનિક બનવાનું વિશ્વભરના યુવાનો અને યુવતીઓનું સપનું હોય છે. પરંતુ બધાના સપના સાચા પડતા નથી. આવું ગૌરવ સુરતની એક દીકરીએ મેળવ્યું છે. એક સામાન્ય પરિવારમાં જન્મેલી ધ્રુવી જસાણી નામની યુવતીએ નાસા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી ગુજરાત અને દેશને ગૌરવ અપાવતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સુરતની આ દીકરીના પિતા હેન્ડલુમના કારખાનામાં કામ કરે છે અને માતા હાઉસવાઈફ છે. ધ્રુવીએ પુરવાર કર્યું છે કે, ભારતમાં પ્રતિભાઓની કોઈ કમી નથી.

સુરતના વરાછા વિસ્તારમાં રહેતી ધ્રુવીએ ૧૨ સાયન્સ કર્યા બાદ વિજ્ઞાનના વિષય પર સતત મહેનત ચાલુ રાખી હતી. એ હંમેશા નાસા રીસર્ચ યુનિવર્સિટીમાં એડમિશનનું સપનું સેવતી હતી. એ માટે તેને નાસાની ૪ આકરી પરીક્ષાઓ આપી હતી. ૩૦૦ વિદ્યાર્થીઓ છેલ્લી કસોટી માટે લાયક ઠર્યા હતા. દેશઆખામાંથી જે માત્ર બે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા તેમાં એક ધ્રુવી જસાણી હતી. અવકાશ યાત્રીઓ અવકાશમાં જતા હોય છે ત્યારે તેમને કઈ રીતે વિશેષ સુવિધાઓ પૂરી પાડવી એ અંગે ધ્રુવી એ કરેલું સંશોધન નાસાને પસંદ પડ્યું હતું અને તેને પ્રવેશ મળતા ધ્રુવીએ દેશને ગૌરવ અપાવ્યું છે.

રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જસાણી પરિવારના ઘરે પહોંચીને ધ્રુવીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ધ્રુવીને શાલ ઓઢાળી બુકે અને ભગવત ગીતાની ભેટ આપી હતી.

શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગમાંથી આવતી એક દીકરીએ અદ્દભુત સિદ્ધિ મેળવીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માત્ર શિક્ષણ એ જ જીવનનું લક્ષ્ય એ સમજીને ધ્રુવીએ નાસા જેવી વિશ્વ કક્ષાની સંસ્થામાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે દેશની અન્ય યુવતીઓ માટે પ્રેરણારૂપ છે.(૨.૧૨)




## પર્યાવરણ બચાવવું સૌ માટે જરૂરી

પર્યાવરણ બચાવવું એ હવે વિજ્ઞાન પૂરતું મર્યાદિત વિષય નથી. જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સામાન્ય પર્યાવરણીય પરિસ્થિતિઓ ગંભીર ચિંતાનો વિષય છે. એક તરફ ગ્લોબલ વોર્મિંગથી પર્યાવરણને બચાવવા માટે સરકારની યોગ્ય ભૂમિકા રહી છે. તેથી, સરકારની મંજૂરી વિના ઔદ્યોગિક બાંધકામ સંબંધિત પ્રવૃત્તિઓ શરૂ કરી શકાતી નથી. આપણા દેશની અડધી વસ્તી હાલમાં પાણી સંબંધિત કટોકટી, અસાધારણ રીતે ઊંચા તાપમાન, વનનાબૂદી અને હિમાલયના ગ્લેશિયર્સનું પીગળવું સહન કરી રહી છે, આ મુદ્દાને અવગણી શકાય નહીં.

બીજી બાજુ, જો કે, જ્યાં સુધી વ્યક્તિઓ તેમાં રસ ન લે ત્યાં સુધી પર્યાવરણની સમસ્યાઓનું સંચાલન સફળ થઈ શકતું નથી. સમાજના સભ્ય હોવાને કારણે દરેક વ્યક્તિ પોતાના પર્યાવરણ માટે સમાન રીતે જવાબદાર છે. પાણીનું દરેક ટીપું શક્તિશાળી મહાસાગર બનાવે છે તેમ, વ્યક્તિ વ્યક્તિગત પ્રયાસો કરી શકે છે જેમ કે પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ટાળવો, તેમના પડોશને સ્વચ્છ રાખવું અને ઉત્પાદનોનો ફરીથી ઉપયોગ કરવો. દાખલા તરીકે, કામ કરવા માટે અંગત વાહનોને બદલે કાર-પૂલ લેવા જેવા નાના પગલાં પણ અમલમાં મૂકી શકાય છે. સરકાર પર્યાવરણીય અધોગતિને રોકવા માટે કાયદાઓ લાદી શકે છે જ્યારે નાગરિકોમાં જાગૃતિ અને શિક્ષણ આવા મુદ્દાઓ પર નોંધપાત્ર અસર કરી શકે છે. તેમની જીવનશૈલી અને જીવનશૈલીમાં ફેરફાર કરીને આપણે પર્યાવરણને બચાવવામાં મદદ કરી શકીએ છીએ.જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સામાન્ય પર્યાવરણીય પરિસ્થિતિઓ ગંભીર ચિંતાનો વિષય છે.

# સૌરાષ્ટ્રના ૬ જીલ્લામાં ૨૧,૭૭૬ હેક્ટર સહિત રાજકોટ જીલ્લામાં ૨૬૦ હેક્ટરમાં બાજરીનું વાવેતર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

સમગ્ર વિશ્વ નોંધપાત્ર વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણ માટે આજે ભારત તરફ મીટ માંડીને બેઠા છે પછી તે આબોહવા પરિવર્તન, કોરોના પછીની આર્થિક સુધારણા અથવા રશિયા અને યુક્રેન વચ્ચેનો સંઘર્ષ કેમ ન હોય. કુપોષણ અને ખાદ્ય સુરક્ષા સામેના પડકારોનો સામનો કરવા માટે જાડા ધાનને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા પ્રયાસો સફળ થયા છે. વર્ષ ૨૦૨૧ માં ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ મોકલ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર સંઘે ભારતના પ્રસ્તાવને સ્વીકારી વર્ષ ૨૦૨૩ને **'આંતર રાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ'** ઘોષિત કર્યું છે. જેને ૭૦ થી વધુ દેશોએ સમર્થન આપ્યું હતું તથા લોકો બાજરી સહિતના જાડા ધાનને આહારમાં સામેલ કરે તેવી અપીલ પણ કરી હતી.

જુવાર, બાજરી, રાગી, રાજગરો વગેરે જેવા જાડા ધાનને અંગ્રેજીમાં મિલેટ્સ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં તો ૨૦૧૮ માં જ મિલેટ્સ વર્ષ ઉજવાયું હતું. જે આપણા દુરંદેશી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક નેતૃત્વનું પ્રતિબિંબ સ્પષ્ટ કરે છે. આ સફળતાથી કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટાર્ટ-અપ્સ માટે સંશોધનની નવી તકો ઉભી થશે. આ ઉજવણીના કારણે ભારતમાં પ્રાચીન સમયથી ઉપયોગમાં લેવાતા જુવાર, બાજરી, રાજગરો, રાગી જેવા પૌષ્ટિક જાડા ધાનનું મહત્વ દુનિયાની સામે આવશે. ઉલ્લેખનીય છે



**ભારતના સફળ પ્રયાસોના પરિણામે ૨૦૨૩ ના વર્ષને સમગ્ર વિશ્વ 'આંતર રાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ' તરીકે ઉજવશે**

કે,ચાલુ વર્ષે રાજકોટ જીલ્લામાં ૨૬૦ હેક્ટરમાં બાજરીનું વાવેતર થયું છે. રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, કચ્છ, સુરેન્દ્રનગર સહિતના સૌરાષ્ટ્રના જીલ્લામાં કુલ ૨૧,૭૭૬ હેક્ટરમાં બાજરાનું વાવેતર કરવામાં આવ્યું છે.

જાડા ધાનને ખોરાક તરીકે પ્રોત્સાહન આપવા તથા વધુ ટકાઉ જીવનશૈલી માટે **'લાઈફ-લાઈફસ્ટાઇલ ફોર એન્વાયરમેન્ટ'** માટેના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનનો સમગ્ર વિશ્વમાં પડઘો પડ્યો છે.નીતિ આયોગ દ્વારા યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ સાથે એક એમઓયુ કરવામાં આવ્યું છે. આ ભાગીદારીનો મુખ્ય હેતુ જાડા ધાનને મુખ્ય પ્રવાહમાં લાવી નાના અને સીમાંત ખેડૂતો માટે ટકાઉ આજીવિકાની તકો ઊભી કરી આબોહવા પરિવર્તન માટે ક્ષમતાઓને અનુકૂલિત કરી ખાદ્ય પ્રણાલીઓમાં પરિવર્તન લાવવાનો છે. જેથી ભારતમાં ઉન્નત ખોરાક અને પોષણ સુરક્ષા માટે ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહેલી કૃષિને મજબૂતી આપી શકાય.

એક સમય હતો જ્યારે બાજરી માત્ર ભારત અને પશ્ચિમ આફ્રિકામાં જ ઊગતી હતી,કારણ કે તેના પાકને સૂકી અને નીચી ફળદ્રુપ જમીન અને ઊંચા તાપમાનની જરૂર પડતી હતી.

### -: બાજરીમાં ઉચ્ચ પ્રોટીન, ફાઇબર, વિટામિન અને લોહ તત્વ જેવા ખનીજોઃ-

ભારતીય જાડા ધાન્ય તરીકે ઓળખાતા બાજરાને આજે દુનિયા પસંદ કરવા લાગી છે. મિલેટ્સના ઉત્પાદનમાં ભારત મોખરે છે ત્યારે ભારતને મિલેટ્સની વૈશ્વિક રાજધાની બનાવી રોજીંદા આહારમાં મિલેટ્સનો સમાવેશ કરવો જોઈએ.ઇન્ટર નેશનલ ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટીટયુટ ફોર ધ સેમી એરિડ ટ્રોપિકસે તો બાજરીને સુપર ફૂડ ગણ્યું છે.બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જાડા ધાન અનેક પોષક તત્ત્વોથી ભરપૂર છે અને શક્તિદાયક છે.બાજરીમાં ઉચ્ચ પ્રોટીન, ફાઇબર, વિટામિન અને લોહ તત્વ જેવા ખનીજો હોય છે. બાજરીમાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ ભરપૂર હોય છે. રાગીમાં તમામ ખાદ્ય અનાજમાં સૌથી વધુ કેલ્શિયમ હોય છે.આ સ્માર્ટ ફૂડ દરેક બીમારીનો રામબાણ ઈલાજ છે. ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે.

**આલેખનઃ ભાવિકા લીંબાસીયા**

મનપાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા

# એસ.આર.પી.ના જવાનોને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા ચીફ ફાયર ઓફિસર આઇ.વી.ખેર અને ડે.ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાના માર્ગદર્શન હેઠળ એસ.આર.પી. ગૃપ - ૧૩, એસ.આર.પી.કેમ્પ, ઘંટેશ્વર ખાતે એસ.આર.પી. ગ્રુપ - ૧૩ ના જવાનોને ફાયર સેફ્ટી અંગે ટ્રેનીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત ટ્રેનીંગ દરમ્યાન એસ.આર.પી. ગૃપ - ૧૩ ના ૪૦ થી ૫૦ જવાનોને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર એચ. પી. ગઢવી, તથા લીડીંગ ફાયરમેન અને ફાયરમેન સહિતના સ્ટાફ દ્વારા, આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેના સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો અને ઇમરજન્સી સમયે માણસોને કઇ રીતે બચાવવા તે અંગે ટ્રેનિંગ આપવામાં આવેલ.

રાજકોટ રાજપથ લી. દ્વારા કરાઈ કામગીરી

# સિટી બસમાં કામગીરીમાં ગેરરીતિ સબબ ૯ કંડકટરને ટેમ્પરી સસ્પેન્ડ કરાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV- રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા. ૯ થી ૧૫ જાન્યુઆરી સુધીમાં કરવામાં આવેલી કામગીરી વિગત પ્રમાણે શહેરીજનોને ૪૭ રૂટ પર ૯૫ સિટી બસ દ્વારા સેવા પુરી પડાઇ છે.

જેમાં કુલ ૧,૭૨, ૭૯૯ મુસાફરોએ લાભ લીધો હતો. સિટી બસ દ્વારા કામમાં ક્ષતિ બદલ બે ખાનગી એજન્સીઓ પાસેથી કુલ રૂ.૨,૪૫, ૦૭૫ નો દંડ કરવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરીમાં ગેરરીતિ સબબ ૯ કંડકટરને ટેમ્પરી અને ૨ કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ત્યારે બીજી બાજુ ટિકિટ વગર મુસાફરી કરતા ૨૧ મુસાફર પાસેથી રૂ.૨,૩૧૦નો દંડ વસુલાયો હતો. BRTS બસની વિગત પ્રમાણે, શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર BRTSસેવા પુરી પાડે છે. જેમાં ગત સપ્તાહ દરમ્યાન કુલ ૧,૭૯,૬૩૫ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. (૧૩)

# ઉપલેટાઃ તાલુકા શાળાના હેરિટેજ બિલ્ડીંગનું રૂ.૬૩૨ લાખના ખર્ચે કરાશે રીનોવેશન

ઉપલેટા, તા.૧૭

ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં આવેલી ગોંડલ રાજાશાહી વખતની ટાવર વાળી તાલુકા શાળાના હેરિટેજ બિલ્ડીંગનું રૂ.૬૩૨ લાખના ખર્ચે રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવનાર છે.આ અંગે નગરપાલિકા દ્વારા ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે,તેમ ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર પી.એ.ચાવડાએ જણાવ્યું છે.

# પૂજારા ટેલિકોમના મેનેજરે તેની બ્રાંચમાંથી રૂ.૧૧.૬૫ લાખની કરી ઉઠાંતરી

### બ્રાંચના હિસાબના રૂ.૬.૧૫ લાખ લઈ ફરારઃ ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદ દાખલ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

રાજકોટમાં પૂજારા ટેલિકોમનો મેનેજર તેની જ બ્રાંચના રૂ.૧૧.૬૫ લાખ ઓળવી છુમંતર થઈ જતા ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે.

કોઠારીયા રોડ પર હુડકો ચોકી સામે આવેલ પૂજારા ટેલિકોમની બ્રાંચમાં મેનેજર તરીકે ફરજ બજાવતો મનોજ નીતિન ચૌહાણ (રહે. કલ્યાણ સોસાયટી-૧, ગોડાઉન રોડ, રાજકોટ) ૧૮ મોબાઈલ ફોન, એપલનું ચાર્જર અને સ્માર્ટ વોચ વગેરે મળી રૂ.૫.૫૦ લાખનો મુદ્દામાલ અને બ્રાંચના હિસાબના રૂ.૬.૧૫ લાખ લઈ ફરાર થઇ જતા ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.

પૂજારા ટેલિકોમના ઝોન સેલ્સ મેનેજર મયુર ઇન્દુભાઈ જાદવ (ઉ.વ.૩૫, રહે. નવલનગર, રાજકોટ)એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, મનોજ ચૌહાણની કોઠારીયા રોડ હુડકો પોલીસ ચોકી સામે આવેલી પૂજારા ટેલિકોમની બ્રાંચ ખાતે બ્રાંચ મેનેજર તરીકે નિમણુંક થયેલ હતી. આરોપી મનોજે પૂજારા ટેલિકોમ તરફથી મિલકત ઉપર મળેલ અધિકારનો દુરૂપયોગ કરી અહીંથી ૧૮ મોબાઈલ ફોન, એક હેન્ડ્સ ફ્રી, એક એપલનું ચાર્જર, એક સ્માર્ટ વોચ જેની કુલ કિંમત આશરે રૂ.૫,૫૦,૦૦૦ ગણી શકાય તે અને બ્રાંચના હિસાબના રૂ.૬,૧૫,૦૦૦ જેટલી રકમ જમા નહીં કરાવી પોતે લઈ જઈ કુલ રૂ.૧૧,૬૫,૦૦૦ની રકમ ઓળવી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ગુનો આચાર્યો છે. ભક્તિનગર પોલીસે આરોપી સામે આઇપીસી ૪૦૮ અને ૨૪૨૦ની કલમ હેઠળ ગુનો નોંધી પીઆઈ એમ.એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે. સામુદ્રે અને તેમની ટીમે આરોપીની ધરપકડ કરવા તજવીજ કરી છે.

### ૨૦૨૭ સુધીમાં ભારતમાં ૨૫ કરોડ થી વધુ ડિમેટ એકાઉન્ટ હશે

# હાલમાં ભારતમાં આશરે ૧૧ કરોડ ડિમેટ એકાઉન્ટ છે

### છેલ્લા બે વર્ષથી દર વર્ષે નવા અઢી થી ત્રણ કરોડ ડિમેટ એકાઉન્ટ ખુલી રહ્યા છે

શેરબજારમાં છેલ્લા બે વર્ષ થી અઢી થી ત્રણ કરોડ ડીમેટ એકાઉન્ટ દર વર્ષે ખુલી રહ્યા છે. જે રીતે અને જે ઝડપથી ડિમેટ એકાઉન્ટ ખુલી રહ્યા છે તે જોતા ૨૦૨૭ સુધીમાં તો ૨૫ કરોડથી પણ વધુ ડિમેટ એકાઉન્ટ ભારતમાં હશે.

કોરોનાના સમયમાં જે રીતે શેરબજારમાં લોકોનો રસ વધતો જોવા મળ્યો હતો તે પછીથી ડિમેટ એકાઉન્ટ ખુલવામાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. યુવા વર્ગ બેન્ક ડિપોઝિટ્સના બદલે શેરબજારમાં રોકાણ કરી રહ્યો છે. બીજીબાજુ પ્રાયમરી માર્કેટમાં પણ લોકો રોકાણ વધારી રહ્યા છે. જે રીતે લોકોની શેરબજારમા ભાગીદારી વધતી જોવા મળી રહી છે તે જોતા આગામી દસકો ભારતીય શેરબજાર માટે ગોલ્ડન બનશે તેમાં કોઈ શંકા નથી. જે રોકાણકારો એલ.આઈ. સી. કે મ્યુચ્યૂઅલ ફંડમાં નાણાં રોકી રહ્યા છે તે નાણાં પણ મહદ્ અંશે શેરબજારમાં જ ઠલવાઈ રહ્યા છે.

આમ જોવા જઈએ તો વિદેશી નાણાંકીય સંસ્થાઓ શેરબજાર માં છેલ્લા એકાદ વર્ષથી શેરો વેંચી રહી હોવા છતાં બજાર ઘટતું નથી કારણકે આપણી સ્થાનિક નાણાંકીય સંસ્થાઓ શેરબજારમાં આક્રમક લેવાલી કરી રહી છે.

શેરબજારમાં પણ ઘણા બધા વિકલ્પો છે કે જેમાં રોકાણકારો નાણા રોકી રહ્યા છે. જેમકે કોઈપણ વ્યક્તિને ગોલ્ડમાં રોકાણ કરવું છે તો તે પણ ડિમેટ ફોર્મમાં શેરબજાર માંથી મળી શકે છે. ગોલ્ડબીઝમાં રોકાણ કરવા વાળો વર્ગ મોટો છે. ઉપરાંત ગર્વમેન્ટ સિક્યુરિટીઝ માં પણ રોકાણ કરી બેન્કવ્યાજ કરતા વધુ અને ફિક્સ વ્યાજ પણ કમાય શકાય છે. અને તે પણ સંપૂર્ણ સુરક્ષીત હોય છે. જયારે પણ નાણાં છુટા કરવા હોય તો બે જ દિવસમાં નાણાં પરત મળી જાય છે.

શેરબજારમાં રોકાણ કરવા ડિમેટ એકાઉન્ટ ફરજીયાત હોય છે. ઉપરાંત પ્રાયમરી માર્કેટમાં આઈ.પી.ઓ.ભરવા માટે પણ ડિમેટ એકાઉન્ટ ખોલવું ફરજીયાત હોય છે. તેથી વધુ ને વધુ ડિમેટ



એકાઉન્ટ ખુલી રહ્યા છે. જેમ પરિવારના દરેક સભ્યના નામે બેન્ક એકાઉન્ટ હોય છે તેવી જ રીતે ઘણા પરિવારોમાં દરેક સભ્યોના નામે ડિમેટ એકાઉન્ટ પણ હોય છે.

ઉપરાંત ડિમેટ એકાઉન્ટમાં પણ બેન્કના એકાઉન્ટની જેમ વારસદાર નિમિ શકાઈ છે. બલ્કે હવે તો ડિમેટ એકાઉન્ટ ખોલતી વખતે જ બ્રોકર્સ વારસદારની વિગતો મેળવી ડિમેટ એકાઉન્ટ ખોલતા હોય છે. ડિમેટ એકાઉન્ટ ખોલવાની પ્રકિયા પણ ઘણી સરળ હોય છે અને ઓનલાઇન એકાઉન્ટ પંદર મિનિટમાં જ ખુલી જાય છે. ભારતમાં હાલમાં બે ડિપોઝિટરી કાર્યરત છે. જે ડિમેટ એકાઉન્ટ ખોલી રહી છે. એક નેશનલ સેક્યુરીટીઝ ડિપોઝિટરીઝ અને બીજી છે સેન્ટ્રલ સિક્યુરીટીઝ ડિપોઝીટરીઝ લિમિટેડ એમ બે વિકલ્પ ડિમેટ એકાઉન્ટ ખોલવા માટે છે. જે એન.એસ.ડી.એલ.અને સી.ડી.એસ.એલ.ના નામથી ઓળખાય છે. ડિમેટ એકાઉન્ટમાં શેસે ઉપરાંત ગોલ્ડ - બોન્ડ્સ -ગવર્મેન્ટ સિક્યુરીટીઝ પણ રાખી શકાય છે. જયારે ઘણી બધી એગ્રી કોમોડિટીજઝ પણ ડિમેટ ફોર્મ્માં રાખી શકાય છે. ગોલ્ડ સાચવવું ડિમેટ એકાઉન્ટમાં વધુ સરળ હોય ઉપરાંત અઢી ટકા વાર્ષિક વ્યાજ પણ મળતું હોય ઘણા લોકો ફિજિકલ ગોલ્ડના બદલે ડિમેટ ફોર્મમાં ગોલ્ડ લેવાનુ પણ વધારે પસંદ કરતા હોય છે. શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યા પ્રમાણે આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૨૫ કરોડથી પણ વધારે ડિમેટ એકાઉન્ટ હશે અને શેરબજારમાં રોકાણકારો નો રોકાણ પ્રત્યેનો અભિગમ સારો હશે અને લોકો શેરબજારમાં રોકાણ વધારશે. શેરબજાર માટે આગામી દસકો ગોલ્ડન જ હશે તેમાં કોઈ શંકા નથી.

# રાજકોટ ક્રાઈમ

### 'હું જિંદગીથી કંટાળી ગયો છું' ચિઠ્ઠી લખી યુવકનો આપઘાત

રાજકોટઃ શહેરના કાલાવડ રોડ પર રૂડાનગરમાં રહેતો અને પેઈન્ટીંગ કરતા કુલદીપભાઈ પ્રવિણભાઈ ભટ્ટી (ઉ.વ.૨૨)એ ઘરે પાંખમાં ચુંદડી બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં એક ચિઠ્ઠી મળી હતી. જેમાં હું જિંદગીથી કંટાળી ગયો છું. રાજીખુશીથી આપઘાત કરું છું, મારા માતા-પિતાનો કોઈ દોષ નથી તેવું લખેલુ હોય પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### એસિડનો ધુમાડો શ્વાસમાં ચડી જતા શ્રમિકનું મોત

રાજકોટઃ મૂળ યુપીનો અને હાલ શહેરની હરિદ્વાર સોસાયટીમાં રહેતો રાહુલ ઇન્દ્રસિંહ અગ્રવાલ (ઉ.વ.૩૦) નામનો યુવાન બોરની મોટર કાઢી સાફ કરતો હતો ત્યારે એસિડનો ધુમાડો શ્વાસમાં ચડી જતા હોસ્પિટલે ખસેડાયો હતો. અહીં સારવાર દરમ્યાન મોત નીપજતા તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### ૮૬૪ બોટલ દારૂ ભરેલું છોટા હાથી ઝડપી લેતી પોલીસ

રાજકોટ : રાજકોટ જીલ્લામાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે લોધિકા પોલીસે બાતમી આધારે રાતડીયા ગામની સીમમાં દરોડો પાડી ૪.૩૨ લાખની કિંમતનો ૮૬૪ બોટલ દારૂ ભરેલું છોટા હાથી કબ્જે કરી ૫.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી હાજર નહીં મળી આવેલા બુટલેગરની નંબર આધારે શોધખોળ શરૂ કરી છે.

### પિતાએ ઠપકો આપતા તરૂણીનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટઃ શહેરના કોઠારિયા સોલ્વન્ટ શીતળાધારમાં રહેતી સંગીતા પીન્ટુભાઈ શાહ (ઉ.વ.૧૭) નામની તરૂણીનો ફોન ખોવાઈ ગયો હોય તે અંગે પિતાએ ઠપકો આપ્યા બાદ પિતા ફરિયાદ કરવા ગયા હતા ત્યારે પાછળથી દીકરીએ ફાસો ખાઈ આપઘાત કરી લેતા આજી ડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક એક ભાઈ એક બહેનમાં નાની હતી.

### કચરો લેવા બાબતે મહિલા પર પિતા-પુત્રનો હુમલો

રાજકોટઃ શહેરની માલધારી સોસાયટીમાં રહેતા વીનાબેન ચંદુભાઈ સોલંકી સવારે પોતાના ઘરે હતા ત્યારે ઘરની પાળી ઉપર પડેલ કચરો લઇ લેવા બાબતે પાડોશી દીપક ભાણાભાઈ સોલંકી અને તેના પુત્ર રાજુએ ગાળો ભાંડી ઢીકાપાટુનો માર મારી ઇંટોના છુટ્ટા ઘા કરતા માથામાં ઈજા થતા બંને સામે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### ૩૩ હજારના દારૂ સાથે એક ઝડપાયો

રાજકોટઃ શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે ક્રાઈમ બ્રાંચ પીઆઈ બી ટી ગોહિલ સહિતના સ્ટાફે બાતમી આધારે કુવાડવા રોડ ઉપર વોચ ગોઠવી માલવાહક રીક્ષા અટકાવી જડતી લેતા પ્લાસ્ટીકના ૪૦ કેરેટ મળી તે ચેક કરતા ૩૨,૮૮૦ રૂપિયાનો ૪૮ બોટલ દારૂ મળી આવતા ગાંડુ વિરમભાઈ ખીંટની ધરપકડ કરી રીક્ષા, દારૂ, મોબાઈલ સહિત ૯૪,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ જિલ્લામાં મોડલ ઈ-ગ્રામ દ્વારા લોકોને ઘર આંગણે ઈ-સુવિધાઓ પ્રાપ્ય બની

**યોજનાઓના ફોર્મ, વિવિધ પ્રમાણપત્રો, આધારકાર્ડ, જમીન અધિકારના પ્રમાણપત્રો જેવી અનેક ઈ-સુવિધાઓ મોડલ ઈ-ગ્રામ પર કરી શકાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

હાલની સદી ટેકનોલોજીની સદી છે ત્યારે ગ્રામ વિસ્તારમાં પણ લોકો ટેકનોલોજી સાથે જોડાય અને અનેક ઓનલાઈન કામગીરીનો લાભ તેમને પણ મળે તે માટે રાજકોટ જિલ્લામાં ગ્રામ વિસ્તારમાં નવા મોડલ ઇ-ગ્રામ કેન્દ્રો દ્વારા ગ્રામ લોકોને ઘર આંગણે ઈ-સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રાજકોટ જિલ્લાના એક તાલુકામાં પાંચ એમ ૧૧ તાલુકાના ૫૫ ઈ-મોડેલ ગ્રામ કેન્દ્ર દ્વારા ગ્રામ વિસ્તારોમાં લોકોને આવશ્યક તમામ ઈ-સુવિધાઓ આપી ગ્રામ વિકાસમાં નવું યોગદાન આપવામાં આવી રહ્યું છે.

આ મોડેલ ઇ-ગ્રામ સેન્ટર દ્વારા G2C એટલે ગવર્નમેન્ટ ટુ કસ્ટમર સેવાઓ મૂળભૂત પ્રમાણપત્રો જન્મ, મૃત્યુ, ચરિત્ર અને આવક પ્રમાણપત્ર, જમીન અધિકારના રેકોર્ડના પ્રમાણપત્રો ૭/૧૨, ૮-અ, બિલ કલેકશન સેવાઓ વીજળી અને ગેસ બિલ સેવાઓ, અન્ય તમામ સરકારી વિભાગ ડેટા એન્ટ્રી વર્કર્સ જેમ કે આરોગ્ય, NRHM, e-MAMTA વગેરે PAWAN ચેનલ દ્વારા સાયબર ટીચીંગ ક્લાસીસ,ITI પ્રવેશ ફોર્મનું વિતરણ અને સબમિશન, ઇ-રેશન કાર્ડ, OJAS એપ્લિકેશન - સરકારી નોકરીઓના ઓનલાઇન ફોર્મ, iKhedut પોર્ટલ દ્વારા ખેડૂત નોંધણી, PM-KISAN યોજના માટે અરજી, UDID કાર્ડ,આયુષ્માન કાર્ડ DTH અને મોબાઈલ રિચાર્જિંગ અને બિલ પેમેન્ટ અને મની ટ્રાન્સફર, ટિકિટિંગ સેવાઓ - IRCTC, GSRTC, ઓનલાઈન શિક્ષણ, અન્ય તમામ ઈન્ટરનેટ આધારિત સેવાઓ જેમ કે મેરિટ લિસ્ટ, ઓનલાઈન અરજી ફોર્મ ભરવા વગેરે, ડીટીપી કામ,વીમા સેવા, બેંકિંગ, પેન્શન સેવા, પાન કાર્ડ, જીવન પ્રમાણ સેવાઓ,આધાર - eKYC ની કામગીરી કરવામાં આવે છે.

લોકોને ખલેલ રહિત સંપૂર્ણ ઈ-સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે નવા મોડેલ ઇ ગ્રામ કેન્દ્રોમાં ફુલ આધાર અપડેશન કીટ, નવી કોમ્પ્યુટર સિસ્ટમ, લેમિનેશન મશીન, પાણી માટે આર.ઓ,બેઠક વ્યવસ્થા સીસીટીવી કેમેરા,વેબકેમ, પ્રિન્ટર સર્વે વ્યવસ્થાઓ નિર્મિત કરાઈ છે તેમ ડિસ્ટ્રીક લેવલ એક્ઝીક્યુટીવ વિરમદેવસિંહ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

ઓફીસ ભાડે આપવાની છે
ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# લોકસભામાં વિજયની 'હેટ્રિક' સર્જવા ભાજપની ખાસ રણનીતિ

## લોકસભા, ૯ રાજયોની ચૂંટણીઓમાં ભવ્ય વિજયનું ભાજપનું લક્ષ્યાંકઃ લોકસભાની ૧૬૦ બેઠકો પર ખાસ ચર્ચાનું સઘન આયોજન કરાયું

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૧૭

લોકસભાની ૨૦૨૪ માં આવનારી ચૂંટણીઓ અને એ પહેલા યોજાનારી ૯ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં ગુજરાતના ઐતિહાસિક વિજયનું પુનરાવર્તન કરવામાં કોઈ કચાસ ન રાખવા ભારતીય જનતા પાર્ટીએ કેસરિયા કાર્યકરોને આહ્વાન કર્યું છે. અહીં યોજાયેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ૯ રાજ્યોની ચૂંટણીઓમાં અભૂતપૂર્વ અને વિક્રમી વિજય સિધ્ધ કરવાનો મજબુત સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે અને એક ખાસ રાજકીય ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આજે સાંજે ૪ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય કારોબારીને સંબોધન કરશે. એ સાથે કારોબારીની બે દિવસની બેઠકનું સમાપન થશે. ભાજપે કારોબારીમાં મહામંથન સાથે ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીઓની તૈયારીઓ જોશભેર આરંભી દીધી છે.

ભાજપે લોકસભાની ૧૬૦ બેઠકો પર વધુ ધ્યાન આપવા અને ખાસ પ્રચાર કરવાની રણનીતિ તૈયાર કરી નાખી છે. આ તમામ બેઠકો પર આક્રમક પ્રચાર કરવામાં આવશે. ભાજપે તમામ ૯ રાજ્યોમાં યોજાનારી લોકસભા ચૂંટણીના ટેઈલર જેવી ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે.

કારોબારીમાં પ્રથમ દિવસે પસાર કરાયેલા રાજકીય ઠરાવમાં ભાજપે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા અને ઠરાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા અનેક કેસો કરવામાં આવ્યા હતા પણ એ તમામ કેસમાં સુપ્રીમ કોર્ટનો જે ચુકાદો આવ્યો તેનાથી વિપક્ષની રમત ખુલ્લી પડી ગઈ છે. ભાજપના રાષ્ટ્રીય

## ૨૦૨૩ ભાજપ માટે નિર્ણાયક વર્ષ છે, ૯ રાજયો તથા લોકસભાની ચૂંટણીઓમાં તમામ તાકાત કામે લગાડી દેવા કાર્યકરોને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાનું આહ્વાન

અધ્યક્ષ જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ નું વર્ષ ભાજપ માટે નિર્ણાયક છે. ૯ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. જે સંસદીય ચૂંટણીઓના ટેઈલર સમાન બની રહેશે. આ તમામ ૯ રાજ્યોમાં પક્ષને વિજય મળે એ માટે કોઈ કચાસ ન રાખવા ભાજપના વડાએ કાર્યકરોને આહ્વાન કર્યું હતું. તેમણે ૨૦૨૩ ની સાલનું રાજકીય મહત્વ સમજાવ્યું હતું.

રાષ્ટ્રીય કારોબારીમાં આજે બીજા દિવસે પણ વડાપ્રધાને હાજરી આપી હતી. ૩૫ કેન્દ્રીય મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા છે. જે.પી. નડ્ડાએ કેન્દ્ર અને અન્ય ભાજપ શાસિત રાજ્યોની સરકારોમાં ઓબીસી તથા એસસી અને એસટીને અપાયેલા પ્રતિનિધિત્વ પર પ્રકાશ ફેંક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા પ્રયાસનો અમારો મજબુત મંત્ર રહ્યો છે. જેના કારણે ઓબીસી તથા અનુસુચિત જાતિ અને જનજાતિના મતો ભાજપને મળી રહ્યા છે અને ભાજપનું વોટશેર વધુને વધુ વિસ્તરી રહ્યું છે.

પક્ષના વડાએ ગુજરાતમાં મળેલો વિજય ઐતિહાસિક અને અસાધારણ ગણાવ્યો હતો. કારોબારીમાં લોકસભાની ચૂંટણીઓમાં વિજયની હેટ્રિક સર્જવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્રીજીવખત નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદે આરૂઢ થઈને પંડિત જવાહરલાલ નહેરૂના વિક્રમની બરાબરી કરે એ માટેની ખાસ રણનીતિ ભાજપે ખાસ તૈયાર કરી છે. લોકસભાની ૧૬૦ બેઠકો અને ૧ લાખ બુથને ખાસ અલગ તારવવામાં આવ્યા છે. જ્યાં ભાજપે ખાસ પ્રચારની વ્યૂહરચના ઘડી કાઢી છે.(૨.૧૨)

# બરડા પંથકના સીમર સણખલા અને અડવાણા ગામે નર્મદા નીરના વધામણા




પોરબંદર, તા.૧૭

બરડા વિસ્તારના ખેડૂતોએ હાલ શિયાળુ પાકમાં પાણીની તંગી હોવાથી અને કુવાઓ તેમજ બોરમાં ઘણી જગ્યાએ પાણી ખૂટતા આ વિસ્તારના ખેડૂતોએ પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાને રજૂઆત કરતા તેમજ બરડા વિસ્તારના ખેડૂતોને વધુમાં વધુ લાભ મળે તે માટે હર રમેશ ચિંતા કરનાર પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા એ ગુજરાત સરકારના ખેતી મંત્રી તેમજ સિંચાઈ મંત્રીને રજૂઆત કરી તાત્કાલિક નર્મદા નદીનું પાણી છોડાવવા રજૂઆત કરવામાં આવેલ.

જે ને હિસાબે ગુજરાત સરકારની ખેડૂતોલક્ષી ઉપયોગી અને મહત્વકાંક્ષી સુજલામ સુફલામ યોજના અંતર્ગત સીમર ગામના તળાવમાં નર્મદાના નીર આવી પહોંચતા પોરબંદરના જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડિયા અને પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ અને સીમર ગામના વતની વિરમભાઈ કારાવદરા તેમજ ૫૦ થી ૬૦ ખેડૂતો દ્વારા નર્મદાના નીરના શ્રીફળ વધેરી સાકર વહેચી વધામણા કરવામાં આવેલ. આ તકે ભાજપ અગ્રણીઓએ જણાવેલ કે, આ નર્મદા નદીના નીર ડાયરેક્ટ ૭૫૦ કિલોમીટર દૂરથી નર્મદા ડેમમાંથી આ પાણી આવેલ છે જેમાં નર્મદા ડેમથી સીમર ગામના તળાવ સુધી પાણી પહોંચાડવામાં ત્રણ જગ્યાએ પંપીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે. જેમાં છેલ્લું પંપીંગ સ્ટેશન રાજકોટના કાલાવડથી સીમર ગામનું તળાવ સણખલાનું તળાવ અને ધ્રોકડ ડેમ ભરવામાં આવશે જેથી અનેક ખેડૂતોને અત્યારે પાણીની ખેંચ છે તે નો લાભ પૂરેપૂરો મળશે અને હજારો એક્ટર માં ખેતી પાકને પૂરતો લાભ મળશે. આજે નર્મદાના નીર સીમર ગામના તળાવમાં ધોધમાર આવતા ખેડૂતોમાં ખૂબ જ ખુશી જોવા મળી હતી અને ખેડૂતોએ પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા ભાજપ અગ્રણી વિરમભાઈ કારાવદરા તેમજ પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડિયાનો આભાર વ્યક્ત કરેલ.

# શાલીભદ્ર સરદારનગર સ્થા.જૈન સંઘ દ્વારા ત્રિ-દિવસીય મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન

### દામાણી પરિવાર દ્વારા સ્લમ વિસ્તારમાં રહેતા જરૂરીયાતમંદ પરિવારોમાં ૫૦૦ રાશનકીટનું કરાયું વિતરણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

ગોંડલ સંપ્રદાયના પૂ. ડુંગર દરબારનાં પૂ.ધીજમુનિ મ.સા., ગુજરાત રત્ન પૂ.સુશાંતમુનિ મ.સા., રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ.સા. બોટાદ સંપ્રદાયના પૂ.જયેશમુનિ મહારાજ સાહેબ આદિ પૂ. ગુરૂદેવો તથા બૃહદ રાજકોટમાં બિરાજીત વિશાળ સતિવૃંદની નિશ્રામાં ગત તા.૧૩,૧૪,૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ગોંડલ સંપ્રદાયના તીર્થ સ્વરૂપા, સુદીર્ઘ દીક્ષા પર્યાયધારી વડેરા શાસનચંદ્રીકા ગુરૂણી મૈયા બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજીની ૯૧મી જન્મ જયંતિ, ૭૨મી દિક્ષા જયંતિ તેમજ સરદારનગર સંઘનાં ૫૦માં સુવર્ણ જયંતિ વર્ષે તપ-ત્યાગ, ધર્મધ્યાન, માનવતા, જીવદયા આદિના અનેક સત્કાર્યો સાથે ત્રિ-દિવસીય મહોત્સવ સંપન્ન થયેલ છે.



ગત તા.૧૩ને શુક્રવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય ખાતે વ્યાખ્યાન તથા ત્રિરંગી સામાયિક, ત્યારબાદ બપોરે ૧૧:૩૦ કલાકે બૃહદ રાજકોટના ૫૭૦ ભાવિકોએ આયંબિલ તપ કરેલ હતું, ઉપરાંત રાજકોટની સ્લમ વિસ્તારમાં રહેતા જરૂરીયાતમંદ ૫૦૦ પરિવારોને રાશનકીટ વિતરણ કરવામાં આવેલ છે. આ સામૂહિક આયંબિલ તપ તથા સ્લમ વિસ્તારની રાશનકીટના અનુમોદક દાતા માતુશ્રી ગિરજાબેન જમનાદાસભાઈ દામાણી પરિવારએ લાભ લીધેલ છે.

ગત તા.૧૪ ને શનિવારના રોજ સવારે ૫:૩૦ કલાકે સરદારનગર ઉપાશ્રય ખાતે રાઈસી પ્રતિક્રમણ, સવારે ૯:૩૦ કલાકે વ્યાખ્યાન, પૂ.હિરાબાઈ મહાસતીજીના જીવન ઉપર મહિલા મંડળના બહેનો દ્વારા સંવાદ ત્યારબાદ બપોરે ૧૧:૩૦ કલાકે બૃહદ રાજકોટના આશરે ૭૫૦ સાધર્મિક ભાવિકો તેમજ ઉપાશ્રયના કર્મચારીઓને બ્લેન્કેટ વિતરણ કરવામાં આવેલ, ઉપરાંત રાજકોટની વિવિધ સંસ્થાઓ જેમ કે વિરાણી બહેરા મુંગા શાળા, મંદબુધ્ધી બાળકોના આશ્રમ, શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ, વૃધ્ધાશ્રમ, કેન્સર હોસ્પિટલ, ટીબી હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, કરૂણા ફાઉન્ડેશન, રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરીત અર્હમ રોટી અભિયાન સહિત અનેકવિધ માનવસેવા, જૈન શાસનની કુળદેવી જીવદયા રૂપે મહાજન પાંજરાપોળ ઉપરાંત અન્ય અનેક ગૌશાળામાં અનુદાન અર્પણ કરેલ છે, તદ્ઉપરાંત ૧૦૦૦ બાળકોને લાડવા-ગાંઠીયાનાં પેકેટ પણ વિતરણ કરવામાં આવેલ હતું. તેમ જણાવ્યું છે.

## સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ દ્વારા બાળકોને ચીકી અને મમરાના લાડુનું વિતરણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ દ્વારા ગત તા. ૧૪ મકરસંક્રાંતિના દિવસે છોટુનગર આંગણવાડી, હનુમાનજી દાદાના મંદિરની પાસે, રૈયા રોડ, રાજકોટ ખાતે બાળકોને ચીકી તથા મમરાના લાડુનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વોર્ડ નં. ૨ ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહીલ, શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડિત, વોર્ડ નં. ૨ ના કોર્પોરેટર મનિષભાઈ રાડીયા, માધવીબેન ઉપાધ્યાય, હેમાબેન ઉપાધ્યાય, કમલેશભાઈ રાઠોડ અને નરેન્દ્રસિંહ ગોહિલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા તથા દાતા જે.ડી. ઉપાધ્યાય, માધવીબેન ઉપાધ્યાય, પંકજભાઈ નિમાવત, લખનભાઈ પરમાર, અલ્પેશભાઈ પરમાર, સી.જે. ગ્રુપ, દિપાલીબેન પરાગકુમાર હંજ (દાતા-દુબઈ), નિશાબેન પંડયા, બિનાબેન શુકલ, દેવાંશ હંજ, શિતલ ત્રિવેદી, હેમા જે. ઉપાધ્યાય દ્વારા સહકાર મળેલ હતો. તેમ જણાવ્યું છે.

# રાણાવાવના સરકારી ગોડાઉનમાંથી એક કરોડ રૂપિયાનું અનાજ ઉઠાવી જવાયાની ૧૨ સામે ફરિયાદ

### નાયબ જીલ્લા મેનેજર ગ્રેડ-૨ થી માંડીને ગોડાઉન મેનેજર અને અનાજના વેપારી સહિત એક ડઝન શખ્સો સામે નોંધાવાયો ગુન્હોઃ માલ સગેવગે કરી રજીસ્ટરોમાં છેડછાડ કર્યાનું ખુલ્યું



પોરબંદર, તા.૧૭

રાણાવાવમાં સરકારી અનાજના ગોડાઉનમાંથી એક કરોડ રૂપિયાના અનાજનો જથ્થો બહાર વેચાઈ ગયો હોવાના અને ગોડાઉન મેનેજર પણ ફરાર થઇ ગયો હતો. જેથી જિલ્લાની પૂરવઠા વિભાગની ટીમે તપાસ હાથ ધરી ગોડાઉનને સીલ કર્યું હતું અને યોગ્ય તપાસ બાદ ઇન્ચાર્જ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા એફ.આઇ.આર. નોંધવામાં આવી છે. જેમાં એક મહિલા સહિત ૧૨ શખ્સો સામે રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

રાણાવાવમાં આવેલ પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી ઓડિટ દરમ્યાન ઘઉં, ચોખા અને ખાંડના હજારો કટાના આંકડાનો હિસાબ માંડવામાં આવતા અંદાજે એકાદ કરોડ રૂપિયાનો જથ્થો ગેરકાયદેસર બહાર વેચવાનું કૌભાંડ બહાર આવ્યું હતું. આથી ગુજરાત રાજય નાગરીક પુરવઠા વિભાગના મોરબી, રાજકોટ, ભાવનગર સહિતની પુરવઠા વિભાગની ટીમોએ સ્ટોકની તપાસ કરી હતી અને ત્યારબાદ કેટલાક નિવેદનો લેવાયા હતા પરંતુ તેનો મેનેજર ગાયબ થઈ ગયો હતો. આથી અંદાજે એકાદ કરોડ રૂપિયાનો અનાજનો જથ્થો ગેરકાયદેસર વેચાયા હોવાનું સામે આવતા આ ગોડાઉનને સીલ કરી દેવામાં આવ્યું હતું. સી.સી.ટી.વી. પણ હોવા છતાં કઇ રીતે અનાજ ગુમ થયું તે અંગે અનેક પ્રશ્ન ઉભા થયા હતા ત્યારે જિલ્લા પુરવઠા અધિકારી હિરલ દેસાઇએ આ બનાવમાં ઉંડાણથી તપાસ હાથ ધરી છે અને આજે ફરિયાદ નોંધાવી હોવાનું જણાવ્યું હતું.

પોરબંદરના ઇન્ચાર્જ જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર હીરલબેન દેસાઈ દ્વારા રાણાવાવ પોલીસ મથકે એફ.આઇ.આર. નોંધાવાઈ છે કે, ગુજરાત રાજય પુરવઠા નિગમ સંચાલિત સરકારી અનાજના ગોડાઉનમાં અસામાન્ય ઘટ અંગે નાયબ જીલ્લા મેનેજર ગ્રેડ-૨ ઉષાબેન ભોયા દ્વારા ગાંધીનગર ખાતે જાણ કરવામાં આવતા વધુ તપાસ માટેની ટીમના જૂનાગઢના આસિ. મેનેજર એચ. ડી. મકવાણા તથા રાજકોટના ઈન્ચાર્જ નાયબ જીલ્લા મેનેજર ગ્રેડ-૨ દ્વારા તપાસણીનો અહેવાલ રજુ થતા મોટું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં રાણાવાવ ગોડાઉન ખાતે તા. ૪ જાન્યુઆરીના સ્ટોકની ગણતરી કર્યા બાદ ગોડાઉન સીલ કરીને મેળવણું કરતા મોટા પ્રમાણમાં અનાજની ઘટ હોવાનું જણાયું હતું. જેમાં તા. ૧/૧/૨૦૨૦ થી તા. ૦૪/૦૧/૨૦૨૩ દરમિયાન રાજય સરકારના કર્મચારીઓ તથા અન્ય લોકોએ પૂર્વ આયોજીત કાવતરૂ ઘડી એકબીજાને મદદગારી કરી સને ૨૦૨૦-૨૦૨૧ થી ગત તા. ૪ જાન્યુઆરીના સમયગાળા દરમ્યાન રાણાવાવ સરકારી ગોડાઉનમાં રાખેલ તથા ઓમ એજન્સી વનાણા, તા. રાણાવાવ પાસેથી ભાડે રાખેલ એમ.એસ.પી. ઘઉં ખરીદ અને સંગ્રહ કરવા માટે વનાણા ટોલનાકા પાસે આવેલ ચમના ગોડાઉનનો અનાજનો જથ્થો જેમાં લખમણભાઈ કારાવદરા, પોરબંદરના ઘઉંના વેપારી હસુભાઇ, રાણાવાવ સ્ટેશનના જગદીશભાઈ લખમણભાઈ ઝીંઝુવાડીયા -આધારકાર્ડ મુજબ વિધ લખમણભાઈ ઝીંઝુવાડીયા, રાજકોટના બી.બી.હાઉસ-૫ ના સી.એ.ડી.પી. એન્ડ કંપનીના પ્રોપરાઈટર ઓડીટર, લાલપુરના ચોરબેડીના સાવન કન્ટ્રકશનના પ્રોપરાઈટર પરેશ કોટેચા, રાજકોટ સ્ટેશનપ્લોટમાં રહેતા પી.એમ. લોજીસ્ટીકસના પ્રોપરાઈટર પરીક્ષીત વ્યાસ અને રાણાવાવ ગોપાલપરાના પી.એમ. લોજીસ્ટીકસના પ્રતિનિધિ કૈવલ સુરેશભાઈ ભૂંડીયા વગેરે સામે પુરવઠા અધિકારી દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ મુજબની એફ.આઈ.આર. નોંધાઈ છે. જેમાં ૯૯,૭૭,૫૫૧નું અનાજ કઠોળ ઉચાપત કરી ગયાનું ફરિયાદમાં જણાવાયું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## શહેરોમાં લોકો હેલ્મેટ પહેરતા નથી, સરકાર શું કરે છે? હાઈકોર્ટ

હોય તો વિધાનસભામાં કાયદો પસાર કરી રાષ્ટ્રપતિની મંજૂરી લેવી પડે એ પછી જ જાહેરનામું બહાર પાડી શકાય. પરંતુ રાજ્ય સરકારે આવી કોઈ પ્રક્રિયા કરી નથી અને શહેરોમાં આવી છૂટછાટ કેમ આપવામાં આવી છે. એવો વેધક સવાલ અદાલતે કર્યો છે. ગુજરાતમાં ૪ વર્ષના બાળકો અને શિક્ષણ સમુદાયને હેલ્મેટથી મુક્તિ અપાઈ છે. વળી ટુ-વ્હીલર પર પાછળ બેસનાર મહિલા અને ૧૨ વર્ષની નીચેની વયના બાળકોને મુક્તિ અપાઈ છે. જો અન્ય રાજ્યોમાં આવી કોઈ મુક્તિ અપાઈ નથી તો ગુજરાતમાં છૂટછાટ કેમ?(૨.૧૨)

## બોર્ડ અને શાળાઓની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને બદલીઓ પર રોક

જાહેર કરવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગે આ માટે ઔપચારિક સૂચનાઓ આપી દીધી છે. રાજ્યમાં શાળાઓમાં ધો.૯ થી ૧૨ ની પ્રિલી પરીક્ષા આવતી તા. ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે. એ પછી માર્ચમાં બોર્ડની પરીક્ષાઓ યોજાવાની છે. વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર ન પડે એ માટે પરીક્ષાઓ પહેલા બદલીઓ નહીં કરવામાં આવે. બોર્ડ અને શાળાઓની પરીક્ષાઓ પૂરી થયા બાદ બદલીની પ્રક્રિયા શરૂ કરી દેવાશે. ગુજરાતમાં ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનું ટાઈમટેબલ જાહેર થઇ ચુક્યું છે. બંને વર્ગોની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. ધો.૧૦ નું છેલ્લું પેપર ૨૧મી માર્ચે અને ધો.૧૨ નું છેલ્લું પેપર તા. ૫ મી એપ્રિલના રોજ હશે. તેવું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.(૨.૧૨)




(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટને સ્માર્ટસીટી બનાવવા ૪૮ માર્ગો ઉપર અનઅધિકૃત દબાણ હટાવાયા

મેળવવા બાબતે સૂચના (૭)વિનસ પાન -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૮)દ્વારકેશ હોટલ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ તથા (૯)કાફે ટી સ્ટેશન (૧૦)જય ચામુંડા ડેરી ફાર્મ (૧૧)નકલંક ટી સ્ટોલ (૧૨)બહુચરાજી સ્વીટ નમકીન (૧૩)ચામુંડા ફરસાણ નમકીન (૧૪)વત્સ સુપર માર્કેટ (૧૫)ઓશો મેડીસીન (૧૬)હેલ્થકેર મેડિકલ (૧૭)વૃન્દાવન ડેરી (૧૮)મોન્જીનીસ કેક શોપ (૧૯)જશોદા ડેરી ફાર્મ (૨૦)બાલાજી મેડીકલ સ્ટોર (૨૧)ગિરિરાજ એજન્સી (૨૨)બાલાજી ડેરી ફાર્મ ની ચકાસણી કરવામાં આવેલ હતી. વન વીક વન રોડ અંતર્ગત પુષ્કરધામ રોડ (એસ.એન.કે. ચોક થી કાલાવડ રોડ) ઉપર વેસ્ટ ઝોન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં, પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખવા/ગંદકી કરવા સબબ કુલ ૧૧ આસામીઓ પાસેથી ૪.૫ કિલો પ્રતિબધિત પ્લાસ્ટિક જપ્ત કરેલ અને રૂ. ૫,૫૦૦ની વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

બાંધકામ/વોટરવર્કસ/ડ્રેનેજ શાખા વેસ્ટ ઝોન વોર્ડ નં.૧૦માં વન વીક, વન રોડ અંતર્ગત પેવિંગ બ્લોક રીપેઈર- ૧૦ સ્કવેર મીટર, ડ્રેનેજ મેનહોલ રીપેઈર-૫, ડ્રેનેજ મેન હોલ સફાઇ સંખ્યા-૨૫, પાણીની વાલ્વ ચેમ્બર સફાઇ સંખ્યા-૫, રબ્બીશ ઉપાડવાનું કામ.(ઘ.મી.)-૧૫ વિગેરે કામગીરી કરવામાં આવી હતી.

વન વીક વન રોડ અંતર્ગત ફાયર એન્ડ ઇમરજન્સી શાખા દ્વારા પુષ્કરધામ મેઈન રોડ (આકાશવાણી ચોક થી કાલાવડ રોડ) પર ૫-હાઈરાઈઝ રહેણાંક બિલ્ડિંગ, ૫-કોમર્શિયલ બિલ્ડિંગ, ૧-સ્કુલ અને ૧-કલાસીસ, આમ, કુલ ૧૨ બિલ્ડિંગમાં ફાયર NOC અંગે ચકાસણી કરવામાં આવી કરી અને ૧૦ બિલ્ડિંગને NOC રીન્યુઅલ કરવા અંગે નોટીસ આપવામાં આવી હતી.

## મીલેનીયમ હાઈટસના ફલેટમાં જુગાર રમતી છ મહિલા પકડાઈ

ડીમ્પલબેન સહિતનો સ્ટાફ રૈયાધાર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકક્સ બાતમી મળી હતી કે મીલેનીયમ હાઈટસના ફ્લેટ નંબર એ-૧૦૧માં કેટલીક મહિલાઓ જુગાર રમતી હોવાની હકીક્તના અધારે ક્રાઈમ બ્રાંચની ટીમે શાંતીનગર-૨ પાસે આવેલ મીલેનીયમ હાઈટસના ફ્લેટ નં.-૧૦૧માં દરોડો પાડતા જુગાર રમતી ખુશ્બુ વીનોદ કકકડ, મનીષા રસીક વૈષ્ણવ, નફીશા સલીમ માણેક, સરોજ વિજય સોલંકી, નૈના બાબુ બીલવા, નીકીતા અલ્પેશ સાવલીયા સહિત છ મહિલાઓને તીનપતીનો જુગાર રમતા ઝડપી પાડી રોકડા રૂા.૧,૮૧,૦૦૦, પાંચ મોબાઈલ સહિત કુલ રૂા.૩.૫૧ લાખનો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# થોરાળા પોલીસનો લોકદરબાર, ૧૦ ગુન્હા નોંધાયા





## ભંગારના ધંધાર્થીએ ૮ ટકા વ્યાજે રૂ.૧૦.૫૦ લાખ લીધા બાદ વ્યાજખોરની ધમકી,તારે જે કરવું હોય તે કર, મરવું હોય તો મરી જજે, પણ સાંજે મને ૧ લાખ જોઈએ'

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૭

રાજયભરમાં વ્યાજખોરો સામે શરૂ કરાયેલી ઝુંબેશ વચ્ચે તોતિંગ વ્યાજ વસૂલતા વ્યાજખોરોની ધાકધમકીઓના એક પછી એક ચોંકાવનારા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટમાં થોરાળા પોલીસ સ્ટેશનમાં લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લોકોએ પોતાના પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી. જેમાં એક કિસ્સામાં નવા થોરાળામાં રહીને ભંગારનો ધંધો કરતા અજયભાઇ નાથાભાઇ રાઠોડ નામના યુવાને માતાની સારવાર માટે અને ધંધા માટે દોઢ વર્ષ પૂર્વે ચુનારાવાડના હીરા મચ્છા ભરવાડ નામના વ્યાજખોર પાસેથી કટકે કટકે કુલ રૂ.૧૦.૫૦ લાખ આઠ ટકાના વ્યાજે લીધા હતા. દરમિયાન ધંધો સરખો નહીં ચાલતા વ્યાજખોરને રકમ ચૂકવી શકતા ન હતા. જેથી વ્યાજખોરે વ્યાજ સહિત રૂ.૧૭ લાખ ચૂકવવા માટે પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી.

ભરવાડ વ્યાજખોર ઘરે આવી તારે જે કરવું હોય તે કર, મરવું હોય તો મરી જજે પણ મને સાંજે રૂ.૧ લાખ રોકડા જોઇશે નહિતર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વ્યાજખોરની ધમકીથી ગભરાઇ અજય રાઠોડે ઘરે જવાનું બંધ કરી દીધું હતું. અંતે પરિવારજનોએ સમજાવ્યા બાદ અજય રાઠોડને લઇ તેની પત્ની ગીતા થોરાળા પોલીસ પહોંચી હતી અને વ્યાજખોર હીરા ભરવાડ સામે ફરિયાદ નોંધાવી છે. લાખાજીરાજ ઉદ્યોગનગર-૯માં રહેતા વિશાલ બટુકભાઇ મકવાણાએ કુબલિયાપરામાં રહેતા સુરેશ બાદલ સોલંકી નામના વ્યાજખોર પાસેથી ૨૫ હજાર વ્યાજે લીધા હતા. જેના ૧.૨૫ લાખ ચૂકવી દેવા છતાં તે હજુ વધુ ૪૫ હજારની માગણી કરી ધમકી આપે છે. તેમજ જો રૂપિયા ન આપતો મકાનના દસ્તાવેજ પોતાને નામ કરી દેવા દબાણ કરતો હોવાની થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. નવા થોરાળા મેઇન રોડ પર રહેતા અજય નાથાભાઇ રાઠોડ નામના ભંગારના ધંધાર્થીએ બિપીન ગોહેલ અને તેના પુત્ર વિશાલ નામના વ્યાજખોર પાસેથી દોઢ લાખ લીધા હતા. જેનું વ્યાજ રૂ.૧.૩૫ લાખ અને મુદલ રૂ.૧.૫૦ લાખ ચૂકવી દીધા હતા. તેમ છતાં પિતા-પુત્ર પેનલ્ટીના રૂ.૭ લાખ વધુ પડાવવા માટે પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપતો હોવાની ફરિયાદ નોંધાવી છે.

# શિક્ષકે લીધેલા પાંચના ૯ લાખ ચૂકવ્યા છતાં પ્રોફેસરે વધુ ૧૩ લાખ માંગ્યા




## અન્ય બનાવમાં વૃધ્ધાને ભોળવી મહિલા સહિત બેલડીએ મકાન પડાવી લીધું

રાજકોટ.તા.૧૭

રાજ્ય સરકારની સુચના બાદ શહેરમાં એક બાદ એક વ્યાજંકવાદનો ભોગ બનેલા લોકો બહાર આવી રહ્યા છે શહેરમાં બે દિવસમાં વધુ ૨૦ વ્યાજખોરો સામે ૧૦ પોલીસ ફરિયાદ નોંધાઇ છે. હદ તો ત્યાં થઇ રહી છે કે હવે પ્રોફેસરને પણ વ્યાજખોરીનો નશો ચડી રહ્યો છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એક શિક્ષકે પ્રોફેસર સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાવી છે. જેમાં પ્રોફેસરે શિક્ષક પાસેથી ૫ લાખના ૯ લાખ વસૂલી ૧૩ લાખની માંગ કરી ધમકીઓ આપી હોવાનો ઉલ્લેખ કરાયો છે. રાજકોટ શહેરના મનહર પ્લોટ વિસ્તારમાં રહેતા અને રામોદ ગામે છેલ્લા સાતેક વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા ભાવેશભાઈ ઇંદુલાલભાઈ કારાવડીયાએ વૈશાલીનગરમાં રહેતા અને જસાણી કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા પરસોતમભાઈ મોહનભાઈ ઉપાડ સામે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમને જણાવ્યું હતું કે મારે ૨૦૧૭ માં ફ્લેટ લેવો હોય તો રૂપિયાની જરૂરિયાત થતા લખાણ કરી ૧૦ ટકે ૫ લાખ લીધા હતા. જેનું હું રેગ્યુલર વ્યાજ ભરતો હતો. ૨૦૨૧ માં લખાણનો સમય પૂરો થઇ ગયો છે નવું લખાણ કરવું પડશે કહી ૭ લાખનું લખાણ કરતા મેં ના પાડતા તું લખાણ નહીં કરે તો તને નોકરી કરવા જેવો નહીં રહેવા દઉં કહી જાનથી મારી નાખવા ધમકી આપી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ માં ૪.૬૦ લાખ ચૂકવી દીધા છતાં વધુ ૧૩ લાખની પઠાણી ઉઘરાણી કરતાં અને ચેક બાઉન્સની નોટીસ મોકલી મારા બે કાર્ડ પડાવી લઇ ૨૮ હજાર ઉપાડી દીધા હતા આમ મેં કુલ ૫ લાખના ૯.૧૦ લાખ ચૂકવી દીધા છતાં ૧૩ લાખ માંગી ધમકી આપતા હોવાથી ફરિયાદ નોંધાવી છે.

બીજી ફરિયાદમાં જામનગર રોડ પર વાલ્મિકી વાડીમાં રહેતા સફાઈકામદાર ગૌરીબેન ગિરધારલાલ ગોરીએ વકીલ નીલેશ રજનીકાંતભાઈ જોષી અને વિશાલ અશ્વિનભાઈ જોષી સામે પ્રદ્યુમનનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૧૭ માં દીકરીના લગ્નના ખર્ચ માટે ૫૦ હજાર ૧૦ ટકે લીધા હતા જેના ૮૪ હજાર ચૂકવી દીધા પછી મકાન માટે વર્ષ ૨૦૨૦ માં ૧ લાખ લીધા હતા જેના ૧.૯૦ લાખ ચૂકવી દીધા છતાં ઘર પાસે તથા નોકરીના સ્થળે આવી હજુ ૮ લાખ આપવા પડશે નહીં આપો તો નોકરીમાંથી સસ્પેન્ડ કરાવી દઈશ અને અમારા માણસો ગમે ત્યાંથી શોધી ઉપાડી લેશે અને હાથ પગ ભાંગી નાખશે તેમ જણાવતા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. તો અન્ય ફરિયાદમાં શહેરના ગોલ્ડન પાર્કમાં રહેતા મનીષભાઈ ભીમજીભાઈ લાખાણીએ પરસોતમ નાનજીભાઈ બોડા પાસેથી ૨૦૧૪ માં ૫ લાખ બે ટકે લીધા હતા જેનું ૫ વર્ષ વ્યાજ ભર્યું હતું તે પછી અઢી લાખ આરટીજીએસથી અને અઢી લાખ કટકે કટકે ચૂકવી દીધા છતા મુદ્દલ અને વ્યાજ માગી ગાળો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

એ જ રીતે નંદનવન સોસાયટીમાં રહેતા પ્રેમબા છત્રસિંહ જાડેજાએ રશ્મીબેન પ્રકાશભાઈ અઢીયા અને ચેતન શિંગાળા સામે ગાંધીગ્રામ પોલીસમાં છેતરપિંડી અને વ્યાજની ઉઘરાણી કરવા અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રશ્મિબેને મારો ભાઈ સટ્ટામાં પકડાઈ ગયો છે. દીકરો બીમાર છે કહી ૧૦ લાખ અને દાગીના આપેલ તથા ચેતનની ઓફિસે જઈ મારા મકાનનો દસ્તાવેજ કરાવી ૪૦ લાખ વ્યાજે લીધા હતા પૈસા પરત આપેલ નહીં અને ચેતનએ ઘરે આવી આ મકાન મારા નામે છે જો ફાઈલ પરત જોઈતી હોય તો ૪૦ લાખનું વ્યાજ આપવું પડશે કહી ઉઘરાણી કરતા હોવાની ફરિયાદ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે શુક્રવારે રાજયપાલ ૧૨૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૪૩ હજારથી વધુને કરશે પદવી એનાયત



**સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની ૧૩ ફેકલ્ટીમાં ૧૪૫ મળ્યા ગોલ્ડ મેડલ**

| | |
|---|---|
| ફેકલ્ટી મેડલ | કોમર્સ ૦૩ |
| મેડિસિન ૫૨ | એજ્યુકેશન ૦૩ |
| આર્ટસ ૩૪ | રૂરલ સ્ટડીઝ ૦૨ |
| સાયન્સ ૨૭ | પર્ફોમિંગ આર્ટસ ૦૨ |
| કાયદા. ૧૧ | ફાર્મસી ૦૧ |
| બિઝનેસ મેનેજમેન્ટ ૦૫ | હોમિયોપેથી ૦૧ |
| હોમસાયન્સ ૦૩ | આર્કિટેક્ચર ૦૧ |

**૫૭ માં પદવીદાન સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત, નવ નિયુક્ત શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ અને રાજયકક્ષાના મંત્રી પ્રફુલ પાનસુરીયા રહેશે ઉપસ્થિત**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આગામી શુક્રવાર તા.૨૦ ના રોજ રાજયપાલના હસ્તે ૧૨૬ જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૪૩ હજારથી વધુને પદવી એનાયત કરવામાં આવશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આગામી તા.૨૦ જાન્યુઆરીને શુક્રવારના રોજ ૫૭ મો પદવીદાન સમારોહ યોજાવવાનો છે જેમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ નવ નિયુક્ત શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનસુરીયા ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારોહની અંદર રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ૧૨૬ વિદ્યાર્થીઓને ૧૪૫ ગોલ્ડ મેડલ એનાયત થશે અને કુલ ૪૩,૦૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે તેમ જાણવામાં આવ્યું છે.

આ ૫૭ મો પદવીદાન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ૨૦ મી એ યોજાશે અને રાજયપાલ ૧૨૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૪૩ હજારથી વધુને પદવી એનાયત કરશે.

આ પદવીદાન સમારોહની અંદર રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ૧૨૬ વિદ્યાર્થીઓને ૧૪૫ ગોલ્ડ મેડલ એનાયત થશે અને કુલ ૪૩,૦૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તાન્યા આનંદે ૧૦ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. આચાર્ય દેવવ્રતના હસ્તે વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે જેમાં જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજની મેડીસીન ફેકલ્ટીની એમ.બી.બી.એસ.ની વિદ્યાર્થીની તાન્યા આનંદે હાઈએસ્ટ ૫૦૮ માર્કસ મેળવતા સૌથી વધુ ૧૦ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.જ્યારે મેડિસિન ફેક્લ્ટીમાં જ માસ્ટર ઓફ સર્જનની જનરલ સર્જન વિષયની વિદ્યાર્થીની ધીરતા કાપડીઆને ૩ ગોલ્ડ મેડલ, આર્ટસ ફેક્લ્ટીમાં બી.એ. ગુજરાતી વિષયની વિદ્યાર્થીની હેતલ વોરાને ૩ તો એમ.એ. અંગ્રેજી વિષયની વિદ્યાર્થીની દિવ્યા ગોપલાણીએ ૨ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ૪૩,૦૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે. કાયદા વિભાગમાં તુષાર લશ્કરીએ ૩, હોમ સાયન્સમાં નિશા કણઝારીયાએ ૨, બિઝનેસ મેનેજમેન્ટમાં અંજલી ઉંધાડને ૨ ગોલ્ડ મેડલ જાહેર થયા છે તો ૧૪ વિદ્યાશાખાના ૪૩,૦૬૨ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે.

આ પદવીદાન સમારોહની અંદર સત્તાધીશોનો કોઈ ડ્રેસકોડ હજુ સુધી નક્કી કરવામાં આવ્યો નથી પરંતુ વિદ્યાર્થીઓને વ્હાઈટ ટોપ-બ્લેક ટ્રાઉઝર પહેરવાની સૂચના આપવામાં આવી છે તેમ જાણવા મળી રહ્યું છે.

# વોર્ડ -૧૧ ભાજપ દ્વારા કાર્યકર્તા સન્માન સમારોહ યોજાયો



વિધાનસભા-૭૧માં વધુ લીડ મેળવનાર વોર્ડને સન્માનિત કરતા મંત્રી ભાનુબેન બાબરીયા, કમલેશ મિરાણી, ડો.પ્રદિપ ડવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

તાજેતરમાં યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ બહુમતીથી વિજય થયો છે. ત્યારે રાજકોટની ચારેય વિધાનસભામાં ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી ભવ્ય જીત હાંસલ થઈ છે ત્યારે વિધાનસભા-૭૧ માં સમાવિષ્ટ વોર્ડ-૧૧ માં ભાજપ દ્વારા કાર્યકર્તા સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં લીડમાં પ્રથમ ક્રમાંક વોડ-૧૧, દ્વિતિય વોર્ડ-૧૨ અને તૃતીય વોર્ડ-૧૮ ના કાર્યકર્તાઓને રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, શહેરના મેયર ડો. પ્રદિપ ડવ સહિતના અગ્રણીઓ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. આ તકે વિધાનસભા-૭૧ના પ્રભારી રાજુભાઈ બોરીચા, વોર્ડ નં.૧૧ના પ્રભારી રાજુભાઈ માલધારી, પ્રમુખ સંજય પીપળીયા, મહામંત્રી સંજય બોરીચા, કોર્પોરેટર લીલુબેન જાદવ, વિનુભાઈ સોરઠીયા, મનહર બાબરીયા, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલ લોકદરબારમાં પાંચ અરજીઓ આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૭

રાજ્યભરમાં વ્યાજખોરો સામે શરૂ કરાયેલી ઝુંબેશ વચ્ચે તોતિંગ વ્યાજ વસૂલતા વ્યાજખોરોની ધાકધમકીઓના એક પછી એક ચોંકાવનારા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ દ્વારા લોકદરબાર યોજવામાં આવી રહ્યા છે. આજે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લોકદરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૫ અરજીઓ મળી હતી જેમાં વ્યાજકવાંદની માત્ર ૧ જ અરજી આવી હતી બાકી જમીન મામલાઓની અરજીઓ પણ આવી હતી. અત્યાર સુધીમાં બી ડિવિઝનમાં વ્યાજખોરો ઝુબેશ અંતર્ગત કુલ ૬ કેસ નોંધાયા છે. અને આગામી સમયમાં હજુ પણ લોકોને ફરિયાદ કરવા અપીલ કરવામાં આવી છે.

# તા.૨૦ સુધી રાજ્યની શાળાઓમાં કલા ચિત્રસ્પર્ધાનું આયોજન કરાશેઃ ડો.મહેન્દ્રભાઈ પાડલીયા

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨૭ના વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' સંવાદ યોજશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૭

પરીક્ષાઓમાં સ્વસ્થ રહેવું, પરીક્ષાને ઉત્સવ તરીકે ઉજવવું તે ચર્ચા અંગે વડાપ્રધાન વાત કરવાના છે તે અંતર્ગત પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના ગુજરાત પ્રદેશ ભાજપ ઇન્ચાર્જ ડો.મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, ૨૦ જાન્યુઆરી પહેલા દરેક જિલ્લાની શાળાઓમાં કલા અને ચિત્રની સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે, જેમાં ધોરણ ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લેશે. ૨૭ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૯ થી ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પર ચર્ચા દ્વારા ઓનલાઈન વાતચીત કરશે. મોદી સાહેબ દ્વારા લખાયેલ એકઝામ વોરીયર્સ પુસ્તકના ૨૮ મંત્રો અને ૬ ટીપ્સ વિદ્યાર્થીઓને પરીક્ષાના ગભરાટમાંથી મુકિત અપાવશે. ઉપરોક્ત પુસ્તક વિદ્યાર્થીઓ અને વાલીઓને ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. સમગ્ર રાજ્યના તમામ જિલ્લામાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. દરેક જિલ્લામાંથી લાઈવ કાર્યક્રમ બતાવવાના આયોજન માટે તમામ શાળાઓમાં મોટી સ્ક્રીન લગાવવામાં આવશે.

ડો.મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને તણાવમુકત રાખવા અને પરીક્ષાને ઉત્સવની જેમ ઉજવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પરીક્ષા ઉત્સવ બને તેવી સ્પર્ધાનું નિર્માણ કરવામાં આવ્યું છે, આ માટે સામાજિક સંસ્થાઓના સહયોગથી કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ઈનામ વિતરણ તથા સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમ સમગ્ર દેશમાં પણ કરવામાં આવશે.

કાર્યક્રમની માહિતી આપતા ડો.મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, સ્થાનિક ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવશે, રાજ્યની દરેક સ્કૂલ પર ૧૦૦ થી ૧૨૫ વિદ્યાર્થી ભાગ લેશે, નિર્ણાયક તરીકે દરેક સ્કુલ પર ૭ સભ્યોની નિર્ણાયક કમિટીની રચના કરવામાં આવશે, સમય મર્યાદા ૨ થી ૨.૩૦ કલાકની રહેશે, આ કાર્યક્રમમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહેશે, દરેક સ્પર્ધામાં શ્રેષ્ઠ પસંદગી પામેલા સ્પર્ધકોને ૧-૨-૩ ક્રમાંકને પુરસ્કાર પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપવામાં આવશે, સ્પર્ધકોને ૧૦ શ્રેષ્ઠ અને ૨૫ શ્રેષ્ઠ કલાના પ્રમાણપત્રો આપવામાં આવશે. શહેરના-ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા ઇનામો આપવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવશે.




સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે આવેલા ડો.મહેન્દ્ર પાડલીયા,રાજકોટ જિલ્લાના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમના ઇન્ચાર્જ રાજુભાઇ ધારૈયા, ડો.દિપકભાઇ પીપળીયા, બિપનભાઇ સાવલીયા અને જિલ્લા ભાજપ મિડીયા કન્વીનર અરૂણભાઇ નિર્મળ તસવીરમાં નજરે પડે છે.

વધુમાં ડો.મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમોમાં સાંસદો, ધારાસભ્યો તેમજ સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જોડાશે. સ્પર્ધા બાદ ૨૭ જાન્યુઆરીએ તમામ જીલ્લા કન્વીનરો દ્વારા વડાપ્રધાન મોદીએ કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થીઓને ઓનલાઈન વાતચીત કરવા માટે આહવાન કર્યું હતું. પ્રેસ મુલાકાતમાં સાથે રાજકોટ જીલ્લાના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમના ઇન્ચાર્જ રાજુભાઈ ધારૈયા, ડો.દિપકભાઈ પીપળીયા, બીપીનભાઈ સાવલિયા, પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ હાજર રહ્યા હતા. અને સમગ્ર કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી.

# 'આત્મમંથન'

ઈમેજ અને ઈમેજીનેશન

હમણાં એક લેખક સાથે વાત થઈ,

'શું લખો છો આજકાલ?'

એવું પુછતાં એમણે કહ્યું,

'એક પૌરાણિક પાત્ર પર લખું છું.'

એમણે એ પાત્રનું નામ પણ કહ્યું જે હું અહીં નહીં લખું.

'એ પાત્ર? એ પાત્ર પર તો આપણાં પૌરાણિક ગ્રંથોમાં જાજો ઉલ્લેખ પણ નથી તો માહિતી ક્યાંથી મળશે?'

મારાં આ સવાલને હસી કાઢતાં એમણે કહ્યું,

'નરી કલ્પનાશક્તિ..

આપણે લેખક છીએ, લખી શકીએ'

ત્યાંથી તો મુંડી હલાવીને હું આવી ગઈ પણ હાય સ્વભાવ..

આ વાતે મારો પીછો ના છોડ્યો, શું કલ્પનાશક્તિથી કોઈપણ પૌરાણિક પાત્રનું ચરીત્ર લેખન કરી શકાય? જ્યારે એ ચરિત્ર લેખન લોકો વાંચશે ત્યારે એને કેટલું સાચું માનશે? સશક્ત કલમથી લખાયેલું અને ક્યાંય પણ રસપ્રદ માહિતી ના ધરાવતા એ પાત્રના ચરિત્ર લેખનને લોકો જો સાચું માનશે તો એનાથી આપણાં ગ્રંથોને આપણી પૌરાણિક ગાથાને ફાયદો થશે કે નુકસાન?

ચલો જવા દો ફાયદા અને નુક્સાનની વાત પણ પછી એ પાત્ર આવું જ હતું એવું લોકોનાં મગજમાં ઠસી જશે તો? શા માટે આપણે આપણી કલ્પના શક્તિ

કોઈ નક્કર પાત્ર પર વેડફવી જોઈએ? જો કોઈ પણ પાત્ર ને કલ્પના વડે જ ચીતરવુ છે તો પાત્ર પણ કાલ્પનિક કેમ નહીં? કે પછી કાલ્પનિક પાત્રને વાચકો ઓછાં મળે જ્યારે પૌરાણિક પાત્રને વાંચવા ઘણાં ઉત્સુક હોય એ વાતનો લાભ લેવાનો આ એક પ્રયાસ જ? સીતા અને દ્રોપદી પર બહું લખાઈ ચૂક્યું છે એટલે હવે બીજાં પાત્રો જેનાં પર ક્યાંય માહિતી ઉપલબ્ધ ના હોય એનાં પર લખવાનું, એનાં પાત્રમાં આપણી કલ્પનાના રંગ ભરવાનાં, આમ કરવાથી એક લેખક તરીકે જલ્દી નામના મળે અથવા મળેલી નામનામાં વધારો થાય એ વાત સાચી પણ એ પૌરાણિક પાત્રને ક્યાંક અન્યાય થાય તો ?

જ્યારે કોઈ રામને કાલ્પનિક પાત્ર કહે છે ત્યારે આપણે ઉકળી જઈએ છીએ તો પછી એ જ ગ્રંથના બીજા



(મમતા પટેલ-મુંબઈ)







પાત્રને ફક્ત કલ્પનાનાં જોર પર લખવું અને લખીને લોકો સમક્ષ મૂકવું કેટલું વ્યાજબી?

મારી એક વાત સાથે લગભગ બધાં જ સહમત થશે કે જ્યારે જ્યારે આપણે આ પૌરાણિક પાત્રોને યાદ કરીએ છીએ ત્યારે ટેલિવિઝન પર જોયેલી સિરિયલ રામાયણ અને મહાભારતનાં કલાકારોનાં જ ચહેરો આપણી નજર સામે તરવરે છે કારણ હકિકતમાં એ પાત્રોને આપણે જોયાં જ નથી. એમની વેશભૂષા કેવી હતી એ પણ આપણે જાણતાં નથી માટે સિરિયલોમાં જોયેલાં પાત્રોને કારણે એમનાં વિશે આપણાં મનમાં એમની એક ચોક્કસ ઈમેજ બની ગઈ છે.

આપણે કહીએ છીએ કે આપણાં ઈતિહાસમાં ગાંધી - નહેરુંને જરૂરિયાતથી વધું મહાન ચીતરવામાં આવ્યાં એનાથી એમની ઈમેજ આપણાં મનમાં ઘર કરી ગઈ. એક આખી પેઢી એ લોકો હદથી વધું મહાન હતાં એવું માનીને મરી પણ ગઈ પણ શું એવું હતું? ના એ બન્ને પણ સામાન્ય માણસ જેવા જ હતાં, એક તરફ એમણે કરેલી સ્વંત્રતા માટેની લડત એમનાં માટે જમાપાસું હતી તો બીજી તરફ દીર્ઘદ્રષ્ટિ વગર લીધેલા નિર્ણયો દેશને નુકસાન પહોંચાડી રહ્યા હતા, એક તરફ અતિશય મુત્સદ્દી અંગ્રેજોની સામે એમણે પ્રખર રાજકારણી બનવું જોઈતું હતું પણ ના તેઓ સાવ સામાન્ય માણસ બનીને નિર્ણયો લેવામાં ભૂલ કરી બેઠાં અને એ સામાન્યપણાને મહાનતામાં ખપાવવાના વ્યર્થ પ્રયાસમાં વર્ષો સુધી ઈતિહાસ સાથે ચેડાં થતાં રહ્યાં જે સામાન્ય પ્રજાને છેક હવે સમજાયું, કલમથી ચિતરાયેલી ઈમેજની આ જ તાકાત હોય છે.

આપણાં હિન્દી ચલચિત્રોએ આપણાં ધર્મની વ્યાખ્યાને નુકસાન પહોંચાડ્યું એવું બુમો પાડીને હવે આપણે બોલીએ છીએ, એ પણ તો કલમની જ શક્તિ હતી ને? જે વર્ષો સુધી આપણને એમની વાત માની લેવા માટે દબાણ કરતી રહી.

ત્યારના લેખકોએ એવી ઘણી વાતો પેપર પર લખી, પડદા પર દર્શાવી, આપણાં મન - મસ્તિષ્ક સુધી પહોંચાડી છે જે ત્યારે સત્ય અને અત્યારે આપણને વાંધાજનક લાગે છે. આના પરથી સાબિત થાય છે કે કોઈપણ વ્યક્તિ કે ધર્મની ઈમેજ ફક્ત શબ્દો દ્વારા પાડી શકાય અથવા બદલી શકાય છે.

એક હસવું આવે એવી સાવ હળવી વાત કહ્યા વગર નથી રહી શકતી, શક્ય છે એ વાત પરથી મારો આખો મુદ્દો કદાચ વધું સ્પષ્ટ બને. મેં એક જગ્યાએ નવી નવી જોબ ચાલું કરી હતી, મેનેજમેન્ટનું કહેવું હતું કે મારે **Quality Assurance Manager** તરીકે વધું કડક રહેવું જેથી ત્યાં જે સ્ટાફ હતો એ થોડો **decipline** શીખે. મેં એવું કરવાં માંડ્યું, દરેક ડિપાર્ટમેન્ટનાં ડોક્યુમેન્ટ બરાબર છે કે નહીં, સીસ્ટમ ઠીક છે કે નહીં, સ્ટાફ બરાબર કામ કરે છે કે નહીં વગેરે વગેરે બારીકાઈથી તપાસતી ગઈ. અત્યાર સુધી ફાર્માની જોબને હળવાશથી લેતો અને કામની વચ્ચે મજા મારતો સ્ટાફ પરેશાન થઈ ગયો.

આ બધા પર નજર રાખતાં મને સમજાયું કે **SOP** ટાઈપ કરાવવાનું (આ એ વખતની વાત છે જયારે સ્ટાફની દરેક વ્યક્તિની પાસે પોતાનું કમ્પ્યુટર ના રહેતું) કામ જેને સોંપ્યું હતું એ ફાર્માસિસ્ટ અને ટાઈપિસ્ટ વચ્ચેનું ઈલુ ઈલુ ચાલતું હતું.

મેં એ બન્ને જ્યારે સાથે મળીને કામ કરતાં હતાં ત્યારે મજાક કરીને પુછ્યું, 'લગ્ન ક્યારે કરો છો? મને બોલાવજો હં, આખરે મારી આ **SOP** ને જ આભારી છે તમારી **lovestory**' બન્ને જણા ચોરી પકડાઈ હોય એમ ચોંકી ગયાં, પેલી ટાઈપિસ્ટ શરમાઈને હસી પડી પણ પેલો ફાર્માસિસ્ટ હસતાં હસતાં બોલી પડ્યો,

'તમને જેટલાં ધાર્યા હતાં એટલાં ખડૂસ તમે છો નહીં '

હું હસી પડી પણ મને એ સમજાઈ ગયું કે મારાં સ્ટ્રીક્ટ વર્તનને કારણે મારી ઈમેજ 'ખડૂસ' હોવાની પડી છે.

સોશિયલ મીડિયા પર તમે કોઈની પોસ્ટ જોઈને એનાં વિશે એક ઈમેજ બાંધી લો તો ક્યારેક પર્સનલમા મળીને એવું લાગે કે આપણે આ વ્યક્તિ વિશે વિચારવામાં થાપ ખાધી હતી. જેને ઓકે ઓકે સમજ્યા હોઈએ એ બે વેંત ઉંચા નીકળે અથવા એનાંથી ઉલટું અને જેને મજાકિયા સમજી બેઠાં હોઈએ એ ધીર ગંભીર સ્વભાવનાં નીકળે એવું બને.

તો આ છે ઈમેજનો પ્રતાપ, જે ક્યારેક તમે છો એનામાં ઉમેરો કરી શકે તો ક્યારેક સાવ વિપરીત પરિણામ પણ લાવી શકે અને એટલે જ કોઈ પણ વ્યક્તિ વિશે કોઈ એક ઈમેજ બાંધીને ચાલવું અથવા એનાં વ્યક્તિત્વને પોતાના ઇમેજીનેશનમાં બાંધવું કેટલાં અંશે વ્યાજબી કહેવાય?

કોઈનાં પણ વિશે કોઈ પણ અભિપ્રાય બાંધતા પહેલા કે આપતાં પહેલાં હજાર વાર વિચારવું જોઈએ.

ક્યારેક ઇમેજીનેશનથી ઈમેજ ઉભી થાય છે તો ક્યારેક ઈમેજથી ઇમેજીનેશન અને એટલે જ વાત જ્યાંથી શરૂ કરી હતી એ મુદ્દે આવું તો એટલું જ કહીશ કે અહીં તો કોઈનાં પણ ચરિત્ર પર અભિપ્રાય આપવાનો કે બાંધવાનો નથી આખું ચરિત્ર જ ઉભું કરવાનું છે, શું એવું કરવું જોઈએ?

આત્મમંથન કરતાં રહેવું.

## લાંચ રૂશ્વત વિરોધી અને તકેદારી સમિતિની કલેકટર અરૂણ મહેશબાબુના અધ્યક્ષસ્થાને યોજાઇ બેઠક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

જિલ્લા કક્ષાની લાંચ રૂશ્વત વિરોધી અને તકેદારી સમિતિની બેઠક જિલ્લા કલેકટર અરૂણ મહેશબાબુના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં તકેદારી ક્ષેત્ર તરફથી મળેલી તપાસો,ખાતાકીય તપાસો અને એસીબી પોલીસ સ્ટેશન કક્ષાએ બાકી રહેતી તપાસો તથા નામદાર કોર્ટમાં પડતર એ.સી.બી. કેસોની સમિક્ષા કલેકટર દ્વારા સમિતિની મિટિંગમાં કરવામાં આવી હતી. આ તકે જે.સી.પી. સૌરભ તોલંબિયા, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી,લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના મદદનીશ નિયામક વી.કે.પંડ્યા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## ટ્રાફિક નિયમોની અગત્યતા વિશે ભવિષ્યની પેઢીને જાગૃત કરતી રાજકોટ આર.ટી.ઓ કચેરી



### ધોળકીયા સ્કુલ ખાતે રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

ટ્રાફિક નિયમોની અગત્યતા વિશે ભવિષ્યની પેઢીને જાગૃત કરવા માટે રાજકોટ આર.ટી.ઓ. કચેરી દ્વારા ધોળકીયા સ્કૂલ ખાતે રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાઈ તે માટે વિદ્યાર્થીઓ સાથે તલસ્પર્શી સંવાદ કરીને તેમને ટ્રાફિકના નિયમોનું પાલન, ડ્રાઈવિંગ લાયસન્સની અગત્યતા, માર્ગ વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સહિત સલામત ડ્રાઈવીંગ કરવાથી અકસ્માતો જેવી ઘટનાઓને આપણે રોકી શકીએ છીએ તે અંગે માહિતગાર કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટ આર.ટી.ઓ.અધિકારી કે.એમ. ખપેડ, એ.સી.પી. જે.બી. ગઢવી, રોડ સેફ્ટી સલાહકાર જે.વી.શાહ, શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજથી ચાર દિવસ કોલ્ડ વેવની સંભાવના : હવામાન ખાતાની આગાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

રાજકોટ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા હવામાન ખાતાની આગાહી અનુસાર તા.૧૭ થી ૨૦ જાન્યુઆરી સુધી કોલ્ડ વેવની સંભાવના હોવાથી લોકોને ઠંડીથી બચવા માટે માર્ગદર્શિકા રજુ કરવામાં આવી છે. જે અન્વયે આગામી થોડા દિવસોમાં શીત લહેરો આવવાની શક્યતા છે કે કેમ તે જાણવા માટે સ્થાનિક હવામાનની આગાહી માટે રેડિયો/ટીવી/ અખબારો જેવા તમામ મીડિયા આઉટલેટ્સને અનુસરવા જોઈએ.ગરમ કપડાંઓની સાથે કટોકટીનો પુરવઠો જેમ કે ખોરાક, પાણી, ઈંધણ, બેટરી, ચાર્જર, ઈમરજન્સી લાઈટ અને મૂળભૂત દવાનો જથ્થો રાખવો જોઈએ. દરવાજા અને બારીઓ યોગ્ય રીતે બંધ કરવાની ખાતરી કરો જેથી ઠંડા પવન ઘરમાં ન આવે.પૂરતી રોગ પ્રતિકારક શક્તિ જાળવવા માટે વિટામીન-C થી ભરપુર ફળો અને શાકભાજીનું સેવન કરવું જોઈએ.વૃધ્ધ લોકો, નવજાત શિશુઓ અને બાળકોની સંભાળ રાખો અને પડોશીઓ કે જેઓ એકલા રહે છે ખાસ કરીને વૃદ્ધોની સુખાકારી વિશે ધ્યાન રાખો.શિયાળામાં ફક્ત વહેતું ભરેલું નાક અથવા નાક માંથી રક્ત સ્ત્રાવ જેવી વિવિધ બીમારીઓની શક્યતા વધી જાય છે.

જે સામાન્ય રીતે શરદીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે વધે છે આવા લક્ષણો માટે સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા ડોકટરની સલાહ લેવી જોઈએ.આંગળીઓ વડે ગ્લોવ્સ કરતાં મિટન્સ (આંગળીઓ વિના) પસંદ કરો,મીટન્સ ઠંડીથી વધુ હૂંફ અને ઇન્સ્યુલેશન પ્રદાન કરે છે,કારણ કે આગળીઓ તેમની હૂંફ વહેંચે છે અને સપાટીના ઓછા વિસ્તારને ઠંડાથી બહાર કાઢે છે. તમારા ફેફસાંને સુરક્ષિત રાખવા માટે તમારા મોં અને નાકને ઢાંકો. કોવિડ-૧૯ અને અન્ય શ્વસન ચેપથી બચાવવા માટે બહાર જતી વખતે માસ્ક પહેરવું જોઈએ.આમ ઉપરોક્ત માર્ગદર્શિકાનું પાલન કરીને સ્વને કોલ્ડવેવથી સુરક્ષિત રાખીએ.

## મહાદેવ ગ્રુપ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે ગરીબ પરિવારને મમરાના લાડવા ચેવડો તથા બિસ્કીટનું વિતરણ

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૧૭: જસદણમાં મહાદેવ ગ્રુપના યુવાનો દ્વારા છેલ્લા સાત વર્ષથી ઉતરાયણના દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં આ ગ્રુપ દ્વારા જસદણ શહેરના પછાત અને ગરીબ વર્ગના પરિવારોની ઘરે ઘરે જઈ લાડવા બિસ્કીટ તેમજ ચેવડાનું જેવી અલગ અલગ ઘણી ખરી વેરાઈટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ મહાદેવ ગ્રુપની સ્થાપના નિલેશ. જયસૂર્યો, સાવન, આકાશ, ભાવેશ, સાગર અક્ષિત, જેસલ, મહિપાલ, અશ્વિન, જીતુભાઈ, હરેશભાઈ, અમિતભાઈ, હિરેનભાઈ, રોનક, દેવરાજભાઈ, વિવેક, આ ગ્રુપ દ્વારા દર વર્ષે ગરીબ પરિવારોને આવી રીતે મદદરૂપ થવાના કાર્યો કરી રહ્યું છે.

## વિવેકાનંદ જયંતિ નિમિતે કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં યોજાયેલ ખોખો તેમજ કોથળા દોડ સ્પર્ધા સંપન્ન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

વિવેકાનંદ યુથ કલબ દ્વારા શહેરના કાલાવડ રોડ પર આવેલ કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિતે વિદ્યાર્થીની બહેનો માટે ખોખો તેમજ કોથળા દોડ સ્પર્ધા યોજાયેલ જેમાં છાત્રાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



ખોખો અને કોથળા દોડ બંને સ્પર્ધાના વિજેતા બહેનોને શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડીત, મોઢવણિક સમાજના અગ્રણી ઘનશ્યામભાઈ ભાડલીયા, મહિલા અગ્રણી નીનાબેન, નિવૃત પ્રિન્સીપાલ પન્નાબેન પંડયા બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ જનાર્દનભાઈ આચાર્યના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

શાળાના પ્રિન્સીપાલ સ્વાતિબેન જોષીએ સૌનું સ્વાગત કરેલ કાર્યક્રમના અંતમાં આભારવિધિ નૈષધભાઈ વોરાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અનુપમ દોશીએ કરેલ. સમગ્ર આયોજનની સફળતા માટે દિનેશભાઈ ગોવાણી, દક્ષિણભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, અનિલભાઈ ધોળકીયા તેમજ શાળા પરિવાર કાર્યરત રહેલ.

## રાજકોટ જિલ્લા કક્ષાએ અરવિંદ ઘોષના જીવન આધારીત વકતૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા ક્રાંતિકારી અરવિંદ ઘોષની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત અરવિંદ ઘોષના જીવન કવન પર આધારીત વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન આગામી તા.૨૦/૧/૨૦૨૩ દરમિયાન મીરામ્બિકા શૈક્ષણીક સંકુલ, અંબાજી કડવા પ્લોટ,પી. ડી.માલવીયા કોલેજની પાછળ, ગોંડલ રોડ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં 'અ' વિભાગ અંતર્ગત ૧૫ વર્ષથી ૧૯ વર્ષની વયના અને 'બ' વિભાગ અંતર્ગત ૧૯ વર્ષથી ૩૫ વર્ષ સુધીના સ્પર્ધકો ભાગ લેવાના છે. સ્પર્ધામાં જે સ્પર્ધકોએ ફોર્મ ભરેલ છે.

તેમણે સ્પર્ધા સ્થળે સવારે ૯ કલાકે સમયસર હાજર રહેવાનું રહેશે તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

## ટ્રાફિક સપ્તાહ દરમિયાન 300 જેટલી વિદ્યાર્થીનીઓને ટ્રાફિક અંગેની સમજ અપાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૭

હાલમાં ચાલી રહેલા ટ્રાફિક સપ્તાહ હેઠળ રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન તથા નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક) પુજા યાદવની દેખરેખ અન્વયે મીરાંબીકા કન્યાકુમારી વિદ્યાલય - રાજકોટ ખાતે ટ્રાફિક અવરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામમાં ધો.૯ થી ૧૨ની બાળકીઓને હેલ્મેટનો ઉપયોગ કેટલો ફાયદાકારક છે,સીટ બેલ્ટનો ઉપયોગથી શા ફાયદા થાય, ટ્રાફિક ચિહ્નોની સમજ થકી કેવી રીતે અકસ્માતો નિવારી શકાય, રોંગ સાઇડ ડ્રાઇવિંગ કેટલું જોખમી છે, ફરજિયાત ડ્રાઇવિંગ લાઇસન્સ, ૧૮ વર્ષથી ઓછી ઉંમરે વાહન ચલાવવું જોઈએ નહીં સહિતના અનેક મુદ્દાઓ અંગે ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને ટ્રાફિક અંગેની પુરતી સમજ આપવામાં આવી હતી. સાથે શાળાની વિદ્યાર્થીનીઓને ટ્રાફિકની સમજ આપતી માર્ગદર્શક પત્રિકાનું વિતરણ કરાયું હતું. આ સમયે મીરાંબીકા કન્યાકુમારી વિદ્યાલયના આચાર્ય, શિક્ષકો અને પોલીસ વિભાગના વરીષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટના ગૌરીદળમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન







### કણસાગરા મહિલા કોલેજ ઉપક્રમે અનેકવિધ કાર્યક્રમોમાં અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત રાજકોટ, સમસ્ત ગ્રામજનો, પંચાયત, ગૌરીદળના સહયોગથી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના સ્પે. કેમ્પ ૨૦૨૩ ઉપક્રમે જનસમાજમાં જનજાગૃતિ માટે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતોનો અંધશ્રધ્ધા નિવારણનો ૧૦૦૧૨ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉદ્દ્ઘાટન કણસાગરા મહિલા કોલેજના પ્રોફે. ડૉ. યશવંતભાઈ ગૌસ્વામીએ કર્યું હતું. તેમણે તાલીમાર્થીઓ દ્વારા ગામમાં કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. જાથાનો કાર્યક્રમ સમાજ ઉપયોગી, જાગૃતતાનો હોય દર વર્ષે શિબિરમાં રાખવામાં આવેલ છે. ગામના લોકોનો આભાર માન્યો હતો. તેમ જણાવ્યું છે.

# નવી શિક્ષણનીતિ પ્રમાણે ધો-૧માં પ્રવેશ માટે લેવાશે આખરી નિર્ણય

## બે મહિનાની છૂટછાટ આપવી કે બાળ વાટિકા શરૂ કરવી તે અંગે પણ કરાશે ચર્ચા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭

આવતીકાલે શિક્ષણ વિભાગની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. આ બેઠકમાં નવી શિક્ષણનીતિ પ્રમાણે ધો-૧ માં પ્રવેશ માટે આખરી નિર્ણય લેવામાં આવશે તેમજ બે મહિનાની છૂટછાટ આપવી કે બાળ વાટિકા શરૂ કરવી તે અંગે પણ ચર્ચાઓ કરાશે તેમ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આગામી જૂન મહિનાથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે નવી શિક્ષણનીતિ પ્રમાણે ધોરણ ૧ માં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે આખરી નિર્ણય લેવા માટે આવતીકાલે શિક્ષણ વિભાગની મહત્વ પૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. પરંતુ આ અમલવારી અંગે શિક્ષણવિદોના મત-મતાંતર વચ્ચે આ નિયમ અમલી બનાવવા માટે બે મહિનાની છૂટછાટ આપવી કે બાળ વાટિકા શરૂ કરવી તે અંગે પણ નિર્ણય કરવામાં આવશે. નવી શિક્ષણ નીતિની અમલવારીને પગલે જૂન મહિનાથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભમાં પ્રવેશથી વંચિત રહેનાર બાળકોને બાળ વાટિકામાં અભ્યાસ કરાવાશે.અગાઉ જાહેર કરવામાં આવ્યા પ્રમાણે ધોરણ ૧ માં જેની ઉંમર ૧ જૂન ૨૦૨૩ ના રોજ ઓછામાં ઓછી ૬ વર્ષની હોય તેવા વિદ્યાર્થીનેજ પ્રવેશ આપવામાં આવશે.એવું તાજેતરમાં નિર્ધારિત કરવામાં આવ્યું છે,ત્યારે અંદાજિત ૩ લાખ બાળકોના ભાવિ અધ્ધરતાલ થયા છે. ત્યારે આ નિર્ણયને મહોર મારવાથી આગામી વર્ષથી શિક્ષણ ક્ષેત્રે ધરખમ ફેરફાર જોવા મળી શકે છે.

ધોરણ-૧ માં વિદ્યાર્થીઓમાં ઘટાડો થતાં શિક્ષકો પણ ફાઝલ થઈ શકે છે. આથી શિક્ષકો અને બાળકોનું હિત જળવાય તે અંગે સરકાર વચગાળાનો રસ્તો કાઢી શકે છે. જે અંગે આવતીકાલે મળનારી શિક્ષણ વિભાગની બેઠકમાં આ નિર્ણયને આખરી મહોર લાગી જતાં ધોરણ ૧ માં પ્રવેશ મેળવનારા બાળકોના વાલીઓ બાળકોની પ્રવેશ પ્રક્રિયા માટે દોડતા થઈ જશે.

# રાજકોટ મનપાને સરકાર તરફથી મળ્યા કોવિશિલ્ડના ડોઝ



## આજથી પ્રિકોશન ડોઝની કામગીરી શરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: ગુજરાતમાં કોરોનાનું પ્રમાણ નહિવત થયું છે, સતત ત્રીજા દિવસે રાજ્યભરમાંથી એકપણ નવા કેસ સામે આવ્યા નથી, એવામાં રાજકોટ મનપાને સરકારે આગમચેતી રૂપે કોવિશિલ્ડના ૬૫૦૦ ડોઝ આપ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાએ શહેરના દરેક આરોગ્ય કેન્દ્રમાં ૨૦૦ - ૨૦૦ ડોઝ આપવામાં આવ્યા છે. આજથી જ સામાન્ય લોકોને કોવિશિલ્ડનો પ્રિકોશન ડોઝ મળવાનું શરૂ થશે. નોંધનીય છે કે, ગત મહિને મનપા દ્વારા રાજ્ય સરકાર પાસે વેક્સિનના ડોઝની માંગણી કરવામાં આવી હતી. શહેરમાં કોરોનાનાં કેસો સામે મનપા તંત્રએ આગમચેત પગલાં ભરવાનું શરૂ કર્યું છે.

# રાજકોટમાં સ્ટ્રીટલાઈટને લગતી ફરિયાદ નોંધાવવા માટે મહાપાલિકાના હેલ્પ સેન્ટરનો ટોલફ્રી નંબર જાહેર કરાયો

## લોકોની સુવિધા માટે મેયર ડો.પ્રદીપ ડવ, મ્યુ.કમિશનર અમિત અરોરા અને સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલ પ્રતિબધ્ધ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭

મહાનગરપાલિકાની રોશની શાખા દ્વારા ઉતરાયણનાં પર્વને અનુલક્ષીને પતંગનાં દોરા ને કારણે અસર પામેલ સ્ટ્રીટલાઇટ વીજ-નેટવર્ક ને દુરસ્ત કરવા તેમજ શહેરનાં તમામ વિસ્તારોમાં સ્ટ્રીટલાઇટ સુવિધા વિના વિક્ષેપે જળવાઇ રહે તે માટે રોશની શાખાનાં અધીકારીનાં માર્ગદર્શન મુજબ કર્મચારીઓ દ્વારા જરૂરી રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ જે વિસ્તારોમાં પી.જી.વી.સી.એલ. નેટવર્કમાં પાવર સપ્લાય ને કારણે સ્ટ્રીટલાઇટ બંધ થવા પામેલ, તે વિસ્તારનાં પી.જી.વી.સી.એલ.નાં લગત સબ-ડિવિઝન સાથે સંકલન કરી, સ્ટ્રીટલાઇટ સુવિધા જળવાઇ રહે તે માટે જરૂરી કામગીરી કરવામાં આવેલ. શહેરમાં કાર્યરત સ્ટ્રીટલાઇટ લગત કોઇપણ પ્રકારની ફરીયાદ માટે વોર્ડ નંબર, પોલ નંબર તેમજ જરૂરી એડ્રેસ સાથે રાજકોટ મહાનગરપાલિકાના હેલ્પ સેન્ટર નંબર ૧૮૦૦૧૨૩૧૯૭૩ (ટોલ-ફ્રી) પર ફરીયાદ નોંધાવી શકશે, તેમ મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ અને મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

# હરિવંદના કોલેજ દ્વારા ત્રંબામાં સેમિનાર યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત છેલ્લા પાંચ વર્ષથી રાજકોટ, જામનગર,વાંકાનેર તથા નાના ગામડાઓમાં હજારો દીકરીઓને સાચી સમજણ સાથે નિ:શુલ્ક સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવે છે. તે અંતર્ગત હરિવંદના કોલેજની સમાજકાર્ય વિભાગની દીકરીઓના હસ્તે ત્રંબા ગામમાં સેમિનાર તથા નિ:શુલ્ક સેનેટરી પેડનું વિતરણ કરાયું હતું.

# જાહેરમાર્ગો પર દબાણરૂપ રેકડી-કેબીન જપ્ત કરાઇ

## મનપાની દબાણ હટાવ શાખા દ્વારા કરાઇ કામગીરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૭

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૨ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધીમાં શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમ કે, રસ્તા પર નડતર રૂપ જુદીજુદી અન્ય ૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી તિરૂપતી સોસાયટી (ગ્રીનલેન્ડ) પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૭૩ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને જંકશન રોડ, જ્યુબેલી પરાબજાર, ઢેબર રોડ વન-વે પેલેસ રોડ પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૪૭,૦૦૦ વહીવટી ચાર્જ પુષ્કરધામ, દસ્તુરમાર્ગ પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૩૫,૫૧૯ મંડપ ચાર્જ જે મવડી મેઈન રોડ, નાના મૌવા રોડ, પંચાયત ચોક, સાધુવાસવાણી રોડ, હેમુ ગઢવી રોડ, સ્પિડવેલ પાર્ટી પ્લોટ, સંતકબીર રોડ, યાજ્ઞિક રોડ પાસેથી વસુલ કરવામાં આવ્યો હતો અને ૯૮ બોર્ડ-બેનર તે રેસકોર્ષ, યાજ્ઞિક રોડ, અને ટાગોર રોડ પરથી જપ્ત કરવામાં આવેલ.




**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓએ અધ્યક્ષ ડો.યોગેશ એ. જોગસણ અને અધ્યાપક ડો.ધારા આર.દોશીના માર્ગદર્શનમાં વિવિધ ઘટનાઓનું વિશ્લેષણ કરી વિવિધ પ્રેમ પ્રકરણની ઘટનાઓ આધારે કર્યુ વિશ્લેષણ**

# પ્રેમ અને ધિક્કાર એક સિક્કાની બે બાજુ: ઉપર ચઢનાર જેમ નીચે પડે છે તેમ અંગત લોકો જ જીવનમાં આગ લગાડે છે



(ગિરીશભાઈ ભરડવા દ્વારા) રાજકોટ, તા.૧૭

જે પોષતું તે મારતું..એ કવિ કલાપીની પંક્તિને આધુનિક યુવાનો (પ્રેમીઓ) સાચી ઠેરવે છે..સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓએ અધ્યક્ષ ડો.યોગેશ એ. જોગસણ અને અધ્યાપક ડો.ધારા આર.દોશીના માર્ગદર્શનમાં વિવિધ ઘટનાઓનું વિશ્લેષણ કરી વિવિધ પ્રેમ પ્રકરણની ઘટનાઓ આધારે કર્યું વિશ્લેષણ સમાજને ટકાવી રાખવા કે આગળ લઈ જવા લગ્ન વ્યવસ્થા એ વર્ષોથી ચાલતી આવે છે.લગ્ન એટલે જેમ કહેવાયું છે કે બે વ્યક્તિ નહીં પણ બે કુટુંબનું મિલન થાય છે પણ આજના સમયમાં આ વ્યાખ્યા બદલાતી હોય એમ લાગે છે.છાશવારે લગ્નના ૧૦, ૧૫, ૨૫ કે ૩૦ દિવસમાં થતા છૂટાછેડા કે આત્મ હત્યાએ બતાવે છે કે હવે ક્યાંકને ક્યાંક લગ્ન જીવનમાં પણ માનસિક સમસ્યાઓ પતિ કે પત્નીનો ભોગ લઈ રહી છે.ઘણા કિસ્સાઓ એવા પણ સામે આવે છે કે હજુ મહિનો પણ ન થયો હોય અને નવદંપતિ માંથી કોઈ એકે કા તો આત્મ હત્યા કરી હોય,કા મર્ડર થયું હોય અથવા છૂટાછેડા થયા હોય.તો આ વિશેના કારણો ક્યાં હોઈ શકે અને આટલી નફરત ક્યાંથી વિકસી શકે એ વિશેનો અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓએ અધ્યક્ષ ડો.યોગેશ એ. જોગસણ અને અધ્યાપક ડો.ધારા આર.દોશીના માર્ગદર્શનમાં વિવિધ ઘટનાઓનું વિશ્લેષણ કરી કેસ સ્ટડી કર્યો હતો જેમાં આવા કારણો જોવા મળ્યા હતા.

આ ઘટનાઓ વિશે ૧૦૦ સ્ત્રીઓ અને ૮૦ પુરૂષોનો રૂબરૂ સંપર્ક કરીને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ૩૬% સ્ત્રીઓનું માનવું છે કે જાતિય અસંતોષ આક્રમક પરિણામનું કારણ હોઈ શકે છે., ૬૩% પુરુષ માને છે કે જાતિય જીવનમાં સ્ત્રીઓ આધુનિક નથી બનતી માટે અન્ય જગ્યાએ અફેર થતો હોય છે., ૫૪% પુરૂષોનું માનવું છે કે જાતિય સબંધથી દુર રહેવાને કારણે વિજાતિય પાત્ર પ્રત્યે ધિક્કાર જાગતો હોય છે., ૭૬% સ્ત્રીઓનું માનવું છે કે પુરૂષોના અન્ય સ્ત્રી સાથેના સબંધની જાણ છુટાછેડા તરફ લઈ જાય છે., ૨૭% પુરૂષોનું માનવું છે કે રોમેન્ટિક રિલેશનશિપ શોધવાની ઘેલછામાં સ્ત્રીઓ જાતિય સબંધમાં રસ ધરાવતી નથી એટલે આંતરિક ઝઘડા શરૂ થાય છે., ૬૭% સ્ત્રીઓનું માનવું છે કે પુરૂષોનું ખોટું બોલવાનું તેમના લગ્ન જીવનમાં વિઘ્ન ઉભું કરે છે., ૩૬% સ્ત્રીઓનું માનવું છે કે સ્ત્રીને નીચી દેખાડવા માટે, બદલો લેવા માટે,જુઠી શાન દેખાડવા માટે પુરૂષ અહમ સ્ત્રીઓ સાથે ખરાબ હરકત કરે છે.

### પાર્ટનર નહીં પણ પેકેજ જોઈએ છે

આજકાલ પ્રેમ,લગ્ન, બાળકો બધું માપી માપીને થાય છે.લોકોને લાઇફ પાર્ટનર નહીં પણ એક પેકેજ જોઈએ છે, જે એમની શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક બધી જરૂરિયાતો પૂરી કરે. જ્યારે મનના કે દિલના સંબંધો શરતો પર આધીન હોય તો તેના વ્યવસ્થિત ચાલવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. એ જ કારણ છે કે આજકાલ સંબંધો લાંબો સમય ટકતા નથી. આવા સંબંધોમાં પ્રેમ સિવાયની દરેક બાબતો હોય છે અને એટલે જ પ્રેમ ની ખામી રહી જાય છે અને એક્સ્ટ્રા મેરિટલ સંબંધો લોકો બાંધે છે.

### અન્ય જગ્યાએ પ્રેમ સંબધ અને લગ્ન બીજી જગ્યાએ

યુવક કે યુવતીને જ્યારે પ્રેમ અન્ય જગ્યાએ હોય અને તેના લગ્ન બીજી જગ્યાએ પરાણે કરી દેવામાં આવે ત્યારે પણ આ સમસ્યા ઉભી થાય છે. કુટુંબીજનોને એવું લાગે છે કે એ તો થોડા દિવસમાં સેટ થઈ જશે પણ ઉપરથી સેટ થઈ ગયેલ વ્યક્તિ અંદરથી રોજ તુટતી હોય છે અને અંતે તેનું પરિણામ છૂટાછેડા કે હત્યા અથવા આત્મહત્યાના રૂપે આવે છે.

### પતિ-પત્નીનું લાંબા સમય સુધી દૂર રહેવું

જ્યારે પતિ અથવા પત્ની ઘરની જરૂરિયાત માટે એકબીજાથી દૂર રહે છે ત્યારે શકયતા છે કે કોઈ બીજી વ્યક્તિ સાથે સબંધ શરૂ થઈ શકે. કારણકે શારીરિક જરૂરિયાત પૂર્ણ કરવા માટે એ કોઈ અન્ય વ્યક્તિનો આધાર લે છે અને તેની જાણ થતાં પરિણામ નિષેધક આવે છે.

### Love અને Lust

સેકસનું વિકૃત સ્વરૂપ આજે સામે આવ્યું છે. આપણા દેશમાં આજે પણ લોકો સેક્સ વિશે વાત કરતા અટકાય છે પણ ક્યાંય એકલતામાં આવું બધું જોવાતું હોય છે. ઘણી જાહેરાતોમાં શરીરના અંગોને વિચિત્ર રીતે રજૂ કરવામાં આવે છે. આવી જાહેરાતો જોઈને યુવાનો સેક્સ માટેના પ્રયોગો કરવા પ્રેરિત થઈ છે. બદલાતા પરિવેશમાં જાતિયતાનું વિકૃત રૂપ સામે આવી રહ્યું છે, એટલે જ આજે ઘણી જગ્યાએ પિતા દીકરીનો રેપ કરે છે, ભાઈ બહેનનાં શારીરિક સંબંધો બંધાય છે અને આવા સમાચારો જોવા અને સાંભળવા મળે છે. આ પણ એક કારણ છે કે માત્ર જરૂરિયાત જ પૂર્તિ કરવાની છે એટલે કોઈપણ રીતે થઈ શકે અને જેને કારણે પણ લગ્ન વિચ્છેદથતા જાય છે.

### જાતિય સંબધ જોઈએ છીએ પણ તેને માટે બંધન ગમતું નથી

લોકોને આજે જાતિય સંબધ જોઈએ છે પણ બંધન નહીં. આજના ઘણા યુવાનોને લાગે છે કે સેક્સ સહેલાઈથી મળે છે તો લગ્ન બંધનમાં શા માટે બંધાવું જોઈએ. લગ્નમાં બંધાયા પછી પણ જો એકબીજાની જરૂરિયાત ન સંતોસાય તો અલગ થવામાં ક્ષણનો પણ વિચાર નથી કરતી.

### અતિશય મહત્વકાંક્ષા

હવે લગ્નની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. લેટ મેરેજ, લેટ ચિલ્ડ્રન, વર્કિંગ કપલ, ન્યુક્લિયર ફેમીલી વગેરે સમય સાથે પારિવારિક ઢાંચા અને તેની જરૂરિયાતો બદલાઈ રહી છે. બદલાવની આ લહેર ઘણા પરિવર્તનો લાવી રહી છે.એક્સ્ટ્રા મેડિકલ અફેર, લીવ ઇન રિલેશન જેવી બાબતો પણ આજે વધી રહી છે.

### કેટલાક મનોવૈજ્ઞાનિક અભ્યાસો મુજબ

- કોલેજ દરમિયાન જે છોકરાઓ જાતિયતા જેવી બાબતો સાથે વહેલા જોડાઈ છે તેઓ ઘણી વખત ડિપ્રેશનનો ભોગ બને છે, જ્યારે આવી બાબતો સાથે ન જોડાયેલ લોકો સામાન્ય જીવન જીવતા જોવા મળે છે.
- તેવા લોકો જેઓ માત્ર ઈચ્છાપૂર્તિ માટે સંબંધો બાંધે છે તેઓ જાતિયતા જેવી બાબતને મહત્વપૂર્ણ સમજે છે પરંતુ સંબંધને વ્યવસ્થિત નિભાવી શકતા નથી.

### એક્સ્ટ્રા મેરિટલ અફેર

છૂટાછેડા કે લગ્ન સમસ્યાઓનું એક મુખ્ય કારણ એ એક્સ્ટ્રા મેરિટલ અફેર પણ છે. કામના વધતા કલાકો, કામની જગ્યા પર સ્ત્રી-પુરૂષ બંનેનું કલાકો સુધી સાથે કામ કરવું, પતિ-પત્નીની અસંતુષ્ટ સેક્સ લાઈફ વગેરેના કારણે એક્સ્ટ્રા મેરિટલ અફેરનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. ઘણા પતિ પત્ની એકબીજા સાથે સેક્સનું પૂરતો આનંદ લઈ શકતા નથી, છતાં પાર્ટનરને ખુશ કરવા માટે ખોટું બોલે છે. તેવામાં કોઈ અન્ય તરફ ધ્યાન ભટકે છે અને સંબંધો લોકો બાંધે છે. આવા અસંતુષ્ટ સંબંધમાં ભાવનાત્મક સહારો મળે છે અને શારીરિક રૂપથી લોકો જોડાય છે.

### સંબંધોમાં લાગણીની જગ્યાએ તર્કબદ્ધ વિચારો

જ્યારે વ્યક્તિના સંબંધોમાં લાગણી ઓછી અને તર્ક વધી જાય ત્યારે પણ તેના ગંભીર અને ભયાનક પરિણામ આવે છે. પતિ પત્ની પોતાના ખોટા કાર્યને પણ તર્ક દ્વારા સાચા ઠેરવવા પ્રયત્ન કરે ત્યારે સમસ્યાઓ જન્મે છે.

### લવ અને લસ્ટ વચ્ચેનો તફાવત ન સમજવો

લવ (પ્રેમ) થી લઈને લસ્ટ (વાસના) સુધી, આજની પેઢીને દરેક બાબતો ફટાફટ જોઈએ છે. તેમની ઈન્સ્ટન્ટ લવ સ્ટોરીમાં ધીરજ કે નીતિમત્તા જેવા શબ્દોને પણ સ્થાન હોતું નથી. આજની યુવા પેઢી માટે જાતિયતા એ બંધ રૂમમાં કે છુપાવીને કરવાની કોઈ બાબત નથી, પરંતુ હવે લોકો ખુલીને તે વિશે ચર્ચા કરતા થયા છે.

આટલું જ નહીં પરંતુ તે મેળવવા માટે કોઈ પણ સંબંધમાં બંધાવવા માટે પણ તૈયાર થઈ જાય છે. ભૂખ, તરસની જેમ હવે જાતિય બાબત માટે પણ લોકો ધીરજ વગરના થયા છે. તેમાં નૈતિકતા નામની કોઈ બાબત ને સ્થાન પણ હોતું નથી. આજની પેઢી શારીરિક ભોગ સાથે પ્રેમને જોડતી થઈ છે.

### ઓછી સહનશક્તિ

આજની પેઢીની સહનશક્તિ ઘણી ઓછી થઈ ગઈ છે, તેઓ કોઈપણ બાબતમાં અનુકૂળ નથી થઈ શકતા અને એટલે જ આજે છુટાછેડાના કિસ્સાઓ વધતા જાય છે. પહેલાંના સમયમાં છુટાછેડાને સોશિયલ સ્ટિગમાં માનવામાં આવતું હતું, શરમજનક બાબત માનવામાં આવતી હતી, પરંતુ હવે છુટાછેડા એ ખૂબ સામાન્ય બાબત બની ગઈ છે. તેને લોકો સ્વીકારતા થયા છે. એ જ રીતે આજથી લગભગ ૧૦ વર્ષ પહેલાં લગ્નને જરૂરી માનવામાં આવતું હતુ, પરંતુ હવે તેવું નથી. હવે કોઈ લગ્ન નથી કરતા તો કોઈ આશ્ચર્યની વાત નથી.

### દયાનો અભાવ

દયાનો અભાવ પણ નફરતનું મોટું કારણ બની રહે છે. આપણે બધા જાણીએ છીએ કે ધિક્કાર કે નફરતનો નાશ ફક્ત દયા દ્વારા કે જતું કરવાથી જ થઈ શકે છે, પરંતુ તે ત્યારે જ શક્ય છે જ્યારે આપણે બીજા પ્રત્યે તેમજ આપણી જાત પ્રત્યે દયા રાખીએ. દયાનો અર્થ એ જ છે કે તે તેના સારા અને ખરાબ ગુણો સાથે છે તેમ તેને સંપૂર્ણ રીતે સ્વીકારો.જેમ અન્ય તરફ દયા ભાવ રાખો તેમ પોતાના પ્રત્યે પણ દયા રાખવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખુદની જાતને જેમ છો તેમ સંપૂર્ણપણે સ્વીકારવી જરૂરી છે. વ્યક્તિમાં સારા ગુણોની સાથે ખરાબ ગુણો પણ છે. અંદરથી દયાથી ભરપૂર થઈને, આપણે બીજાને સંપૂર્ણ રીતે સ્વીકારતા શીખીએ છીએ અને પછી નફરત ધીરે ધીરે ઓછી થવા લાગે છે.

### શું પતિ કે પત્ની એકબીજાને નફરત કરી શકે?

ધિક્કાર અથવા તિરસ્કાર એ ભાવનાત્મક સ્થિતિ છે જે વ્યક્તિ અથવા જૂથ વિશેનો એક પ્રકારનો તિરસ્કાર દર્શાવે છે. તે વિવિધ સ્વરૂપોમાં વ્યક્ત કરી શકાય છે.તિરસ્કારની લાગણી ગંભીર ભાવનાત્મક ખામીઓને રજૂ કરે છે અને જેઓ આ પ્રકારની ભાવનાથી ઘેરાયેલ છે તે શુદ્ધ ઝેર પોતાના શરીરમાં ઠાલવી રહ્યા છે કારણ કે આ લાગણી વ્યક્તિ માટે ઝેરનું કામ કરે છે.વ્યક્તિ હંમેશા તણાવમાં રહે છે, તેના માટે ખુશ રહેવું મુશ્કેલ છે અને આ લાગણી તેને પોતાના ઉદ્દેશ્યો હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા દેતા નથી. ઓછાવત્તા અંશે આપણા બધાના હૃદયમાં નફરત હોય છે, પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે આપણને કોઈના પ્રત્યે નફરત કેમ થાય છે? ઘણી વખત નજીકની એકદમ ગમતી વ્યક્તિને પણ નફરત કરી બેસતા હોઈએ છીએ.

### લગ્નની વ્યાખ્યા આજે બદલી ગઈ છે

પહેલા લગ્ન બાદ એક-બે વર્ષ પતિ પત્ની એકબીજાને સમજવામાં પસાર કરી દેતા હતા. વર્ષો પહેલાતો ક્યાં અને કોની સાથે લગ્ન થવાના છે એ પણ ખબર નહોતી રહેતી. સેક્સનો નવો નવો અનુભવ તેમના સંબંધોમાં રોમાન્સ બનાવી રાખતો હતો. પછી બાળકો, તેમને મોટા કરવા, સંબંધીઓ એ બધામાં લાંબો સમય પસાર થઈ જતો હતો. આજના ઘણા યુવાનો લગ્ન પહેલા જ સેક્સનો અનુભવ કરી લે છે. તેઓ કરિયર બનાવવા માટે લગ્ન મોડેથી કરે છે, તેવામાં લગ્નમાં તેમને કોઈ રોમાન્સ રહેતો નથી. તેઓને લગ્ન માત્ર જવાબદારી લાગે છે એટલે તેઓ લગ્નથી દૂર ભાગે છે.

### અન્યનો અથવા ખુદનો ડર

એક કારણ એ છે કે વ્યક્તિને બીજાનો અને ખુદનો પોતાનો ડર આ નફરત સુધી ધકેલી શકે. ઉપરાંત ઘણી વખત કૌટુંબિક, સામાજિક કે સાંસ્કૃતિક કારણો પણ બીજા પ્રત્યે નફરત પેદા કરે છે.કેટલાક લોકોમાં, પોતાની જાત પ્રત્યેની નારાજગી અથવા ખુદની હીનતાની લાગણી અન્ય પ્રત્યે નફરતના સ્વરૂપમાં દેખાય છે,અને કેટલીકવાર તે પોતાની ખામીઓથી ધ્યાન હટાવવાનું સાધન બની જાય છે.



# રાજકોટને સ્માર્ટસિટી બનાવવા ૪૮ માર્ગો ઉપર અનઅધિકૃત દબાણ હટાવાયા

## મહાનગરપાલિકાએ ફરી 'વન વીક, વન રોડ' ઝુંબેશ હેઠળ ગેરકાયદેસરના દબાણો, ઓટલા-છાપરાઓ પર બુલડોઝર ફેરવ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને સ્માર્ટ સિટી અંતર્ગત સુંદર, રળિયામણું બનાવવા તથા ટ્રાફિક મૂવમેન્ટ સરળ થાય તથા રાહદારીઓને થતી મુશ્કેલીઓના નિવારણ માટે શહેરમાં આવેલ મુખ્ય ૪૮ માર્ગો પર વન વીક, વન રોડ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આજે તા.૧૭ના રોજ વેસ્ટ ઝોનના વોર્ડ નં.૧૦માં આવેલ વિવિધ માર્ગો પર અલગ અલગ શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફૂટપાથ અને રોડ સમારકામ, હંગામી અનઅધિકૃત દબાણ હટાવવું, ગેરકાયદેસર દબાણ પર ડિમોલીશનની કામગીરી, રોડનું સ્ટ્રક્ચર સરખું કરવું, ફૂડ શાખા દ્વારા ચકાસણી, નડતરરૂપ ઝાડને ટ્રીમીંગ કરવું, વેરા વસુલાત શાખા દ્વારા સ્થળ પર જ ટેક્સ વસુલાત કરવી, જાહેરમાં કચરો ફેલાવતા-કચરાપેટી ન રાખતા-પ્રતિબંધિત પ્લાસ્ટીકનો વપરાશ કરતા આસામીઓ સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દંડની કાર્યવાહી કરેલ અને ફાયર એન્ડ ઇમરજન્સી શાખા દ્વારા વિવિધ બિલ્ડીંગોમાં ફાયર NOC અંગે ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.

રાજકોટ શહેરના જાહેર માર્ગોપર વાહન પાર્કીંગની સમસ્યાને અંતર્ગત કમિશ્નર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે વન વીક વન રોડ અંતર્ગત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારના પુષ્કરધામ મેઈન રોડ-યુનિવર્સિટી રોડ (જે. કે. ચોક થી આકાશવાણી ચોક સુધી) પરના પાર્કીંગ તથા માર્જીનમાં થયેલ દબાણો-ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ હતું.

વન વીક વન રોડ અંતર્ગત વોર્ડ નંબર ૧૦માં આકાશવાણી ચોકથી જે.કે. ચોક તેમજ પુષ્કરધામ મેઈન રોડ પર વેરા વસુલાત શાખા દ્વારા ટેક્સ રીકવરીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. શિવાલીક-૩ અને પ્રાઇડ સ્ક્વેર બિલ્ડીંગમાં સીલીંગની કાર્યવાહી કરતા રૂ. ૧૨.૯૦ લાખની રીકવરી કરવામાં આવેલ હતી. આ ઉપરાંત, પ્રાઇડ સ્ક્વેર બિલ્ડિંગમાં કુલ ૧૧ યુનિટને જપ્તી નોટીસ આપવામાં આવેલ. પ્રદયુમન રોયલ હાઇટ્સમાં કુલ ૧૭ યુનિટને જપ્તી નોટીસ આપવામાં આવેલ. ટર્નિંગ પોઇન્ટ બિલ્ડીંગ, રાજધાની એપાર્ટમેન્ટ, શિવાલીક બિલ્ડીંગ, શાંતિ હાઇટ્સ વગેરેમાં રીકવરીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

આમ, વન વીક વન રોડ અંતર્ગત રકમ રૂ. ૧૩ લાખની રીકવરી કરવામાં આવેલ તેમજ કુલ ૨૮ જપ્તી નોટીસ બજવણી કરવામાં આવેલ હતી.

'વન વીક વન રોડ' ઝુંબેશ અંતર્ગત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા પુષ્કરધામ રોડ તથા ભગતસિંહ ગાર્ડન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ચકાસણી દરમિયાન કુલ ૯ કિ.ગ્રા. વાસી-અખાધ્ય ખોરાકનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો અને ૮ પેઢીને લાઇસન્સ મેળવવા તથા હાઇજીનિક કન્ડિશન જાળવવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી.

વન વીક વન રોડ ઝુંબેશ અંતર્ગત ફૂડ વિભાગ દ્વારા આજે તા. ૧૭ના રોજ શહેરના પુષ્કરધામ રોડ તથા ભગતસિંહ ગાર્ડન રોડ વિસ્તારમાં આવેલ (૧) બિનહરીફ - ૪ કિ.ગ્રા. વાસી બટેટાનો મસાલો તથા બાફેલ બટેટાનો નાશ કરવામાં આવ્યો તથા હાઇજીનિક કંડીશન જાળવવા અને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૨) આદર્શ ગ્રુપ ૨૨ પેરેલલ રેસ્ટો. -૨ કિ.ગ્રા. વાસી બાફેલ શાકભાજીનો નાશ કરવામાં આવ્યો (૩) અન્નપુર્ણા ડાઈનિગ હોલ -૩ કિ.ગ્રા. વાસી તૈયાર શાકનો નાશ કરવામાં આવ્યો તથા હાઇજીનિક કંડીશન જાળવવા બાબતે સૂચના (૪) કાફે ડે કોમીડા -૩ લી. ચોકલેટ/ ફ્રૂટસોસ નાશ કરવામાં આવ્યો તથા લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૫) ઘનશ્યામ લાઈવ કેક -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૬) ચોકો બાઇટ કેક શોપ -લાઇસન્સ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ખાનગી કંપનીના કર્મચારીઓને ત્રણ માસથી પગાર ન મળતા આંદોલનની ચીમકી



(તસવીરઃ પંકજ ડાભી)

## ગુરૂવારથી અન્નજળનો ત્યાગ કરી હક્ક માટે મંડાશે મોરચોઃ પોલીસ કમિશનર અને કલેકટરને આવેદન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ આજી જીઆઈડીસીમાં આવેલ અમુલ પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં કામ કરતા કામદારો મોટી સંખ્યામાં આજે પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી લેખિતમાં આવેદનપત્ર આપ્યું હતું કે તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ૪૫૦ થી વધુ લોકો આ અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા હોય છેલ્લા ત્રણ મહિનાથી કામદારોને પગાર નહીં આપતા હોવાનું અને ૨૧ મહિનાનું પીએફ કર્મચારીઓના ખાતામાં જમા કરાવવામાં ન આવ્યુ હોય જેથી કર્મચારીઓએ અગાઉ અમુલ ઈન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડમાં હડતાલ કરી હતી તેમ છતાં તેના પ્રશ્નોનો નિકાલ નહીં થતા આજે મોટી સંખ્યામાં કામદારો પોલીસ કમિશનર કચેરીએ દોડી આવી ન્યાય માંગવા લેખિતમાં ફરિયાદ કરી હતી. તેમજ આગામી ગુરૂવાર સુધી સમસ્યાનો કોઇ ઉકેલ નહીં આવે તો અન્ન અને જળનો ત્યાગ કરાવમાં આવશે અને ઉગ્ર આંદોલન પણ કરાશે તેવી ચીમકી પણ આપી હતી. દરેક કંપનીમાં તા.૧ થી ૧૦માં પગાર અને પી.એફ. જમા થતું હોય છે પરંતુ અમારી કંપનીમાં છેલ્લા ૩ માસથી એક પણ નિયમનું પાલન થતું નથી અને જે ધારા-ધોરણ હોય તેનું પણ પાલન કરવામાં આવતું નથી, દરેક કામદારને પગારમાં ધાંધીયા હોય પી.એફ.માં ધાંધીયા હોય અને ૩ માસથી સમયસર પગાર થતો જ નથી. તેવા આક્ષેપો કર્યા હતા.

# મિલેનીયમ હાઈટ્સના ફલેટમાં જુગાર રમતી ૬ મહિલા પકડાઈ

## ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી રૂા.૩.૫૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

રૈયાધાર પાણીના ટાકા પાસે આવેલ મિલેનીયમ હાઈટ્સ ફ્લેટમાં જુગાર રમતી ૬ મહિલાઓને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ રૂા.૩.૫૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ બી ટી ગોહીલની સુચનાથી હેડકોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ, સહદેવસિંહ, રોહીતભાઈ, ક્રિપાલસિહ, મહીલા કોન્સ્ટેબલ નીલમબેન,

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રાજકોટઃ વેરા-વસુલાત શાખા દ્વારા ૩૩ મિલ્કતોને સીલ

## ૫૪ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપતા રૂ.૪૭.૩૧ લાખની રીકવરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૭

મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા આજે કુલ ૩૩ મિલ્કતોને સીલ કરેલ તથા ૫૪ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપતા રૂ.૪૭.૩૧. લાખ રીકવરી કરેલ. વોર્ડ નં.૧માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ જાસલ કોમ્પ્લેક્ષમાં ૫-યુનિટને બાકી માંગણા સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૨.૫૦ લાખ., વોર્ડ નં. ૩માં જંકશન મેઇન રોડ પર જય એપાર્ટમેન્ટ ૫-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ, કૈલાશવાડી વિસ્તારમાં ૪-યુનિટ બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં.૪માં લાતી પ્લોટ વિસ્તારમાં ૨-યુનિટ સીલ કરતા રીકવરી રૂ.૧.૨૦ લાખ, કુવાડવા રોડ પર આવેલ મનીષ ચેમ્બર ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ, જય શક્તિ પાર્કમાં આવેલ ક્રિસ્ટલ સિટી માં ૪-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ. વોર્ડ નં. ૫માં કુવાડવા રોડ પર ૪-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં.૬માં ગુરુ કાર્ડ કોમ્પ્લેક્ષમાં ૩-યુનિટ સીલ, સંત કબીર રોડ પર આવેલ ૪-કોમર્શિયલ યુનિટના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૪૬ લાખ, વોકલી રોડ પર આવેલ ૧-યુનિટને નોટીસ આપતા રીકવરી રૂ.૧.૫૦ લાખ., વોર્ડ નં.૭માં ગોડાઉન રોડ પર આવેલ શિલ્પ ટાવર ૧-યુનિટને સીલ કરતા રીકવરી રૂ.,૬૦,૦૦૦, મંગળા મેઇન રોડ પર આવેલ સ્માઇલ બિલ્ડીંગમાં ૧-યુનિટ સીલ કરતા રીકવરી રૂ.૮૮,૩૫૧, ઢેબર રોડ પર આવેલ લીલાવંતી ચેમ્બરમાં ૬-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ, ઢેબર રોડ પર આવેલ સદગુરુ આર્કેડમાં ૫-યુનિટને સીલ., વોર્ડ નં.૮માં અમીન માર્ગ પર આવેલ ૬-યુનિટના બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ. ૩.૨૦ લાખ., વોર્ડ નં.૧૨માં ગોંડલ રોડ પર આવેલ ૨-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૨.૪૦ લાખ, વાવડી ઇન્ડ. એરીયામાં આવેલ ૬-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં.૧૩માં સમ્રાટ ઇન્ડ. એરીયામાં આવેલ ૬-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૪૦ લાખ., વોર્ડ નં.૧૪માં ઢેબર રોડ પર આવેલ ૧-યુનિટને બાકી માંગણા સામે સીલ મારતા રીકવરી રૂ.૫૦,૦૦૦, બાપુનગર વિસ્તારમાં ૩-યુનિટને સીલ મારેલ તથા ૪-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં. ૧૫માં કાંતિ ઇન્ડ. એરીયામાં ૨-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૨.૨૦ લાખ, મારૂતી ઇન્ડ. એરીયામાં ૩-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૨.૭૫ લાખ, સહજાનંદ ઇન્ડ. એરીયામાં ૨-યુનિટને બાકી માંગણા સામે નોટીસ આપતા રીકવરી રૂ.૧.૦૦ લાખ, મેઘાણી નગર માં આવેલ ૧-યુનિટ સીલ કરતા રીકવરી રૂ.૧.૦૦ લાખ., વોર્ડ નં.૧૬માં ગોકુલનગર મેઇન રોડ પર આવેલ ૧-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૭૬,૦૦૦., વોર્ડ નં.૧૭માં અટીકામાં આવેલ ૨-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૫૩ લાખ. કામગીરી કરેલ છે.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.